dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 155 | AD - 2026, Fagan Sud - 10 | Friday, Dt. 13-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


સાંસદોએ હાથમાં પોસ્ટરો લઈને ''નરેન્દ્ર ભી ગાયબ, સિલિન્ડર ભી ગાયબ'' ના નારા લગાવ્યા

# લોકસભામાં ગેસ સિલિન્ડરની અછતને લઈ વિપક્ષના સરકાર પર પ્રહારો

ન્યૂ દિલ્હી,તા.૧૨

લોકસભામાં ગુરુવારનો દિવસ ભારે હોબાળાભર્યો રહ્યો હતો, જેમાં દેશભરમાં પ્રવર્તી રહેલા LPG સંકટ અને ઇંધણની અછતના મુદ્દે વિપક્ષી દળોએ સરકારને આડે હાથ લીધી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ ચર્ચાની શરૂઆત કરતા અત્યંત ગંભીર આરોપો લગાવ્યા અને દેશની ઉર્જા સુરક્ષા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ગૃહમાં જણાવ્યું કે વર્તમાન સ્થિતિ એ માત્ર એક મુશ્કેલી નથી પરંતુ મોટા આર્થિક સંકટની શરૂઆત છે. રાહુલ ગાંધીના મતે આ સંકટને કારણે નાના રેસ્ટોરાં અને શેરી પર કામ કરતા શ્રમિકોના ધંધા ઠપ થઈ રહ્યા છે, જેનાથી સામાન્ય જનતામાં ગભરાટનો માહોલ ફેલાયો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે કોઈપણ રાષ્ટ્રનો પાયો તેની ઉર્જા સુરક્ષા પર ટકેલો હોય છે, પરંતુ ભારતની નીતિઓ અત્યારે અન્ય દેશોના દબાણ હેઠળ હોય તેવું જણાય છે.ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને ભારતના તેલ આયાત અંગે પ્રશ્ન કર્યા હતા. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે જો રશિયા પાસેથી તેલ કે ગેસ ખરીદવા માટે આપણે અમેરિકાની મંજૂરીની રાહ જોવી પડતી હોય, તો તે દેશની સ્વાયત્તતા પર મોટો પ્રશ્નચિહ્ન છે. આ દરમિયાન તેમણે કેન્દ્રીય તેલ મંત્રી હરદીપ સિંહ પુરી પર કટાક્ષ કરતા 'એપસ્ટીન'ના મિત્ર હોવાનો ઉલ્લેખ કર્યો, જેનાથી ગૃહમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્પીકર ઓમ બિરલાએ તરત જ દરમિયાનગીરી કરી અને રાહુલ ગાંધીને ટોકતા કહ્યું કે તેમણે જે વિષય પર નોટિસ આપી છે તે મુદ્દા પર જ




મર્યાદિત રહેવું જોઈએ. જોકે, વિપક્ષી સાંસદોએ હંગામો ચાલુ રાખ્યો અને જ્યારે હરદીપ પુરી બોલવા ઊભા થયા ત્યારે ગૃહમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.માત્ર ગૃહની અંદર જ નહીં, પરંતુ સંસદની બહાર પણ વિપક્ષી એકતા જોવા મળી હતી. વિવિધ વિપક્ષી દળોના સાંસદોએ હાથમાં પોસ્ટરો લઈને ''નરેન્દ્ર ભી ગાયબ, સિલિન્ડર ભી ગાયબ'' ના નારા લગાવ્યા હતા. વિપક્ષનો મુખ્ય આરોપ છે કે સરકાર લોકોના રસોડા પર સીધો હુમલો કરી રહી છે અને મોંઘવારી તેમજ અછતને ડામવામાં નિષ્ફળ રહી છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાનની ગેરહાજરી પર પણ નિશાન સાધતા કહ્યું કે વડાપ્રધાન લોકોને ન ગભરાવાની સલાહ આપે છે, પરંતુ વાસ્તવમાં તેઓ પોતે અદાણી અને એપસ્ટીન સંબંધિત કિસ્સાઓને કારણે ચિંતિત જણાય છે. તેમણે આક્ષેપ કર્યો કે સરકારની પ્રાથમિકતાઓ સામાન્ય જનતાને બદલે કોર્પોરેટ મિત્રોને સાચવવાની છે.વિપક્ષના આકરા પ્રહારોનો જવાબ આપતા કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ આંકડાકીય વિગતો રજૂ કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે દેશમાં ક્રૂડ ઓઈલ, ડીઝલ, પેટ્રોલ કે ગેસ સિલિન્ડરની કોઈ જ અછત નથી. મંત્રીએ માહિતી આપી કે દરરોજ LNGના કાર્ગો ભારત આવી રહ્યા છે અને સરકાર કેનેડા, નોર્વે તથા રશિયા જેવા દેશો પાસેથી સતત ઇંધણની આયાત કરી રહી છે. તેમણે એમ પણ ઉમેર્યું કે દેશમાં LPG ના ઉત્પાદનમાં ૨૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે અને વૈકલ્પિક ઇંધણના માર્ગો પણ સક્રિય કરવામાં આવ્યા છે. સરકારના મતે દેશમાં જે અછત દેખાઈ રહી છે તે વાસ્તવિકતા કરતા ગભરાટને કારણે વધેલી કૃત્રિમ માંગનું પરિણામ છે. હરદીપ પુરીએ ગૃહને આશ્વાસન આપતા કહ્યું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવા માટે ત્રણ મંત્રીઓની એક વિશેષ સમિતિ બનાવવામાં આવી છે.

# હોર્મુઝની ખાડી પાર કરી સાઉદી અરેબિયાથી કાચુ તેલ ભરેલુ જહાજ મુંબઈ પહોંચ્યુ

ન્યુ દિલ્હી, તા.૧૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી ફાટી નીકળેલા યુધ્ધને કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠા પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. આવા કપરા સમયમાં ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. સાઉદી અરેબિયાથી ૧,૩૫,૩૩૫ મેટ્રિક ટન કાચું તેલ ભરીને નીકળેલું લાઈબેરિયન જહાજ 'શેનલોંગ' તમામ જોખમોને પાર કરીને સુરક્ષિત રીતે મુંબઈ




બંદરે પહોંચી ગયું છે. વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વની ગણાતી હોર્મુઝની ખાડી પસાર કરીને ભારત પહોંચનારું આ પ્રથમ ઓઈલ ટેન્કર છે. આ સફર અત્યંત જોખમી હતી, કારણ કે યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં હુમલાનો ભય સતત રહેતો હતો. ભારતીય કેપ્ટન સુક્ષાંત સિંહ સંધુ અને તેમના ૨૯ ક્રૂ મેમ્બરોએ હુમલાખોરોથી બચવા માટે જહાજની ટ્રેકિંગ સિસ્ટમ (AIS) બંધ રાખીને હિંમતપૂર્વક જહાજને મુંબઈના જવાહર દ્વીપ સુધી પહોંચાડ્યું છે. હાલમાં આ કાચા તેલને માહુલની રિફાઈનરીઓમાં મોકલવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ પુરવઠાથી દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ખાસ કરીને એલપીજી સિલિન્ડરની અછત દૂર થશે અને ભારતની ઊર્જા જરૂરિયાતો જળવાઈ રહેશે.

# કંડલા તરફ આવી રહેલા જહાજ પર ઈરાનને હુમલો કરતા બે ભારતીયોના મોત

**ઈરાને કરેલી કાર્યવાહીને કારણે ભારતે આક્રોશ વ્યકત કર્યો**

ન્યુ દિલ્હી,તા.૧૨

પશ્ચિમ એશિયામાં વધી રહેલા લશ્કરી સંઘર્ષની ગંભીર અસર હવે ભારતના દરિયાઈ હિતો પર દેખાઈ રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં કંડલા બંદર તરફ આવી રહેલા થાઈલેન્ડના જહાજ 'મયુરી નારી' પર ઈરાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા




હુમલાએ નવી દિલ્હીમાં ચિંતા જગાવી છે. આ હુમલામાં બે ભારતીય નાગરિકોના કરુણ મોતના સમાચારથી વિદેશ મંત્રાલયે ભારે રોષ વ્યક્ત કર્યો છે. પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટ કર્યું કે વાણિજ્યિક જહાજો પરના આવા હુમલા વૈશ્વિક વ્યાપારની સ્વતંત્રતા માટે મોટો પડકાર છે. ગલ્ફ દેશોમાં વસતા અંદાજે એક કરોડ ભારતીયોની સુરક્ષા અત્યારે સરકાર માટે સૌથી મોટી પ્રાથમિકતા બની છે. ભારત આ મામલે સતત આંતરરાષ્ટ્રીય સ્તરે નજર રાખી રહ્યું છે અને નિર્દોષોના જીવ જોખમમાં મૂકતી આ હિંસાને તત્કાલ બંધ કરવા અપીલ કરી છે.





હુમલાખોરે ફારૂક અબ્દુલાના માથા પર રિવોલ્વર રાખતા સુરક્ષા એજન્સીએ હાથ ખસેડી લેતા હવામાં ગોળીબાર

# પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલા પર ગોળીબારના પ્રયાસથી ખળભળાટ

જમ્મુ,તા.૧૨

જમ્મુમાં નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પર થયેલા હુમલાએ સમગ્ર દેશમાં સુરક્ષા એજન્સીઓની કામગીરી પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે. બુધવારે રાત્રે જમ્મુમાં એક લગ્ન સમારોહ દરમિયાન ૭૦ વર્ષીય હુમલાખોર કમલ સિંહ જામવાલે અત્યંત નજીકથી ફારુક અબ્દુલ્લાના માથા પર રિવોલ્વર તાકી હતી. સદનસીબે



સુરક્ષાકર્મીઓની ત્વરિત સતર્કતાને કારણે હુમલાખોરનો હાથ ખસી ગયો અને ફાયરિંગ હવામાં થયું, જેનાથી એક મોટી હોનારત ટળી ગઈ હતી. આ ઘટનામાં ફારુક અબ્દુલ્લા સુરક્ષિત રહ્યા છે પરંતુ જે રીતે હુમલાખોર તેમની તદ્દન નજીક પહોંચી ગયો તે બાબત Z+ સુરક્ષા કવચ ધરાવતા નેતા માટે અત્યંત જોખમી માનવામાં આવે છે.આ ઘટના બાદ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સુરક્ષા વ્યવસ્થા પર આકરા પ્રહાર કરતા સવાલ ઉઠાવ્યો છે કે NSG અને Z+ સુરક્ષા ધરાવતા વ્યક્તિની આટલી નજીક કોઈ હથિયાર સાથે કેવી રીતે પહોંચી શકે? હુમલાખોર કમલ સિંહ છેલ્લા ૨૦ વર્ષથી ફારુક અબ્દુલ્લાને મારવાની ફિરાકમાં હતો અને તે જે લગ્ન પ્રસંગમાં હુમલો થયો ત્યાંના યજમાનનો પિતરાઈ ભાઈ હોવાનું બહાર આવ્યું છે. ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરીએ પણ સ્થાનિક પોલીસની ગેરહાજરી અને રોયલ પાર્કમાં થયેલી આ મોટી સુરક્ષા ભૂલની તપાસની માંગ કરી છે. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને તેની પાસેથી લાયસન્સવાળું હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યું છે, પરંતુ આ હુમલાએ ઉચ્ચ સ્તરીય સુરક્ષા પ્રોટોકોલની નિષ્ફળતાને છતી કરી દીધી છે.

આ હુમલાએ ઉચ્ચ સ્તરીય સુરક્ષા પ્રોટોકોલની નિષ્ફળતાને છતી કરી





# દરિયાઈ જહાજોની સુરક્ષા સહિતના મુદ્દાઓ પર ઈરાન સાથે ભારતની ચર્ચા

ન્યુ દિલ્હી,તા.૧૨

**સરકાર સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ભારતીયોની સલામતી માટે પ્રતિબધ્ધ**

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તાજેતરમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના વધતા તણાવ અંગે ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઈરાની વિદેશ મંત્રી સાથે સતત સંપર્ક જાળવી રાખીને દરિયાઈ જહાજોની સુરક્ષા અને ભારતની ઉર્જા સુરક્ષા જેવા મહત્વના પાસાઓ પર ચર્ચા કરી છે. આ ઉપરાંત, સરકાર મધ્ય-પૂર્વના સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ભારતીયોની સલામતી માટે પ્રતિબધ્ધ છે. ખાસ કરીને અજરબૈજાન અને આર્મેનિયામાં રહેલા નાગરિકોને વિઝા પ્રક્રિયા અને સરહદ પાર કરાવવામાં સક્રિય મદદ પૂરી પાડવામાં આવી રહી છે જેથી તેઓ સુરક્ષિત રીતે સ્વદેશ પરત ફરી શકે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૩-૦૩-૨૦૨૬

# બાઢડામાં ધામણિયા નદી પરના કોઝવેના નબળા કામ પર ગ્રામ પંચાયતે જેસીબી ફેરવી બાંધકામ તોડી પાડ્યુ



સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે ગ્રામ પંચાયત દ્વારા ચાલી રહેલા વિકાસ કાર્યોમાં ગુણવત્તા મુદ્દે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ગામ નજીક આવેલી ધામણિયા નદી પર લોકોની અવરજવર માટે બનાવવામાં આવી રહેલા કોઝવેના કામમાં નબળી ગુણવત્તા જણાતા પંચાયત એક્શન મોડમાં આવી છે. આ અંગે ફરિયાદ મળતા ઉપસરપંચ જીતુભાઈ ચોવટીયાએ રૂબરૂ સ્થળ પર જઈ કામનું નિરીક્ષણ કર્યું હતું, જેમાં મટિરિયલ અને બાંધકામની મજબૂતાઈ સંતોષકારક ન જણાતા તેમણે તાત્કાલિક નબળું કામ તોડી પાડવાની સૂચના આપી હતી.

ગામ પંચાયતના કડક આદેશને પગલે જેસીબી મશીન દ્વારા કોઝવેના બનેલા નબળા ભાગને તોડી પાડીને તેને દૂર કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉપસરપંચે જણાવ્યું હતું કે ગામના વિકાસ માટે થતું દરેક કામ પારદર્શકતા અને ઉચ્ચ ગુણવત્તા સાથે થાય તે ગ્રામ પંચાયતની પ્રથમ પ્રાથમિકતા છે અને વિકાસના કામોમાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. હવે આ કોઝવેનું કામ ફરીથી યોગ્ય ધોરણો અને મજબૂતાઈ સાથે તાત્કાલિક શરૂ કરવામાં આવશે.

# અમરેલીની રેસ્ટોરન્ટના ટિફિનમાં આવેલી છાશમાંથી જીવાત નિકળતા ફૂડ વિભાગને ફરિયાદ

અમરેલી,તા.૧૨

અમરેલીમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના ચિતલ રોડ પર રહેતા હાર્દિક જોષી નામના ગ્રાહકે એક રેસ્ટોરન્ટમાંથી રૂ. ૨૮૦નું ટિફિન મંગાવ્યું હતું, જેમાં સાથે મળેલી છાશમાંથી કાળી જીવાત નીકળતા ગ્રાહક ચોંકી ઉઠ્યા હતા. આ ઘટનાનો વીડિયો બનાવી તેમણે સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં અંગે તંત્રને જાણ કરી હતી. ગ્રાહકની સજાગતા અને ફરિયાદના આધારે ફૂડ વિભાગની ટીમે તાત્કાલિક રેસ્ટોરન્ટ પર દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ સ્થળ પરથી ખોરાકના નમૂના મેળવી તેને વધુ તપાસ અર્થે વડોદરાની લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરી છે. તંત્ર દ્વારા રેસ્ટોરન્ટને નોટિસ ફટકારવામાં આવી છે અને લેબોરેટરીનો રિપોર્ટ આવ્યા બાદ કડક દંડનીય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. આમ, અમરેલીમાં ગ્રાહકો સાથે રેસ્ટોરન્ટ સંચાલકો દ્વારા ચેડા કરવામાં આવતા હોવાનું સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે ફૂડ વિભાગ દ્વારા ફરિયાદ બાદ જ કાર્યવાહી કરતી હોવાનું સામે આવ્યુ છે. અમરેલી શહેરની દરેક રેસ્ટોરન્ટમાં આકસ્મિક ચેકીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**ફૂડ વિભાગે રેસ્ટોરન્ટમાં તાત્કાલિક તપાસ હાથ ધરી ખોરાકના નમૂના લીધા**

# મહિપરીયોજનામાં અધિકારીઓએ સ્થળ તપાસ કર્યા વિના ખોટા રિપોર્ટ કર્યાના આક્ષેપ

જાફરાબાદ,તા.૧૨

મહી પરિક્ષેત્ર યોજના હેઠળ કાતરગામ અને બારપટોળીથી નજીક હોવા છતાં, ભાવનગરના સિંચાઈ અધિકારીઓએ સરોવડા તળાવને પાંચ કિલોમીટરથી દૂર દર્શાવી યોજનામાંથી બાકાત રાખ્યું છે. વાસ્તવમાં બારપટોળીથી અંતર માત્ર બે કિલોમીટર હોવા છતાં, સ્થળ તપાસ કર્યા વિના જ ખોટા રિપોર્ટ તૈયાર કરાયા હોવાના આક્ષેપો છે. અનિરુધ્ધભાઈ અને કરશનભાઈએ વારંવારની રજૂઆત છતાં અધિકારીઓ આગેવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. જો સરોવડાનું તળાવ ભરાય અને ઊંડું કરવામાં આવે, તો અનેકાગવદર, ભટવદર અને કંથારીયા જેવા પાંચ ગામોની હજારો એકર જમીનને કાયમી સિંચાઈનો લાભ મળી શકે તેમ છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને મંત્રી કૌશિકભાઈ વેકરીયા નવેસરથી સર્વે કરાવી ખેડૂતોને ન્યાય અપાવે તેવી રજૂઆત કરાઈ છે.

# લીલીયામાં ગટર બ્લોક થવાથી પાણી રસ્તા પર ફરી વળતા રહીશોએ આવેદન પાઠવ્યુ

લીલીયા,તા.૧૨

લીલીયા શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી ભૂગર્ભ ગટર યોજના છેલ્લા દોઢ દાયકાથી સ્થાનિક રહીશો માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. હાલમાં આ ગટરનું કરોડોના ખર્ચે સમારકામ ચાલી રહ્યું છે, પરંતુ તેના કારણે પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી છે. અનેક વિસ્તારોમાં ગટરના પાણી



બ્લોક થવાથી ગંદકી માર્ગો પર ફરી વળી છે, જેના લીધે રહીશોનું જીવવું દુષ્કર બન્યું છે. લોકપ્રતિનિધિઓ આ પ્રશ્ન ઉકેલવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા હોવાનો સુર ઉઠ્યો છે. આ ગંભીર સ્થિતિને પગલે વૃંદાવન સોસાયટીના રહીશોએ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્યને ઉગ્ર આવેદનપત્ર પાઠવી પોતાનો રોષ ઠાલવ્યો હતો. રહીશોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે, તો તેઓ ગ્રામ પંચાયત સામે પ્રતિકાત્મક ઉપવાસ આંદોલન છેડશે. વહીવટી તંત્રની આ ઢીલી નીતિ સામે હવે જનતા આરપારની લડાઈના મૂડમાં જણાઈ રહી છે.

# જાહેરનામુ : અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં અનઅધિકૃત ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ

અમરેલી,તા.૧૨

અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવતા તમામ અનઅધિકૃત ઈસમો કે ટોળકીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાહેર જનતા અને અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવાની લાલચ આપતા ઈસમોને રોકવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ આ જાહેરનામું બહાર પાડ્યું છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે અને તે સજાને પાત્ર ઠરશે. આ આદેશનું પાલન કરાવવા માટે સહાયક મોટર વાહન નિરીક્ષક કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવતા કર્મચારીઓ તેમજ હેડ કોન્સ્ટેબલથી ઉપરના પોલીસ અધિકારીઓને ફરિયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ જાહેરનામું આગામી તારીખ ૦૯/૦૫/૨૦૨૬ સુધી અમલી રહેશે.

# યુધ્ધની અસરને કારણે ગુજરાત આઈસ્ક્રીમ ઉત્પાદકો મુશ્કેલીમાં

**કોન આઈસક્રીમના ભાવમાં વધારો થઈ શકે છે : ભુપત ભુવા**

અમરેલી,તા.૧૨

મધ્ય પૂર્વમાં ચાલતા યુધ્ધના કારણે ગેસ પુરવઠો ખોરવાતા ગુજરાતના આઈસ્ક્રીમ ઉત્પાદકો મુશ્કેલીમાં મુકાયા છે. ઉનાળાની પીક સીઝન હોવા છતાં ગેસની અછતને કારણે કોન અને પેકેજિંગ મટિરિયલના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. કોન ઉત્પાદકો બળતણ તરીકે ગેસનો ઉપયોગ કરે છે, જેનો પુરવઠો ઘટતા ઉત્પાદન ખર્ચમાં ૨૦% સુધીનો વધારો થયો છે. આ પરિસ્થિતિને જોતા એપ્રિલ મહિનામાં આઈસ્ક્રીમના ભાવમાં ૧૦% જેટલો વધારો થવાની શક્યતા છે. જો આગામી દિવસોમાં પુરવઠો સામાન્ય નહીં થાય તો રાજ્યમાં આઈસ્ક્રીમની ભારે અછત સર્જાઈ શકે છે જેનાથી સમગ્ર ઉદ્યોગ પ્રભાવિત થશે. ગુજરાત આઈસ્ક્રીમ એસોસિએશનના ચેરમેન ભૂપત ભુવાએ જણાવ્યું હતું કે, "ગેસ સપ્લાય કાપની અસર શંકુ અને પેકેજિંગ મટિરિયલ્સ પર જોવા મળી રહી છે. મોટાભાગની કંપનીઓ અન્ય સપ્લાયર્સ પાસેથી કોન મેળવે છે, અને વિવિધ વસ્તુઓના ભાવમાં ૨૦% સુધીનો વધારો થયો છે.

# સા.કુંડલા શહેર માટે ઉનાળામાં પાણીની અછત હવે ભૂતકાળ બનશે

**શહેરને દરરોજ ૮૦ લાખ લિટર પાણી શેલ દેદુમલ ડેમમાંથી ફાળવવામાં આવશે**

સાવરકુંડલા,તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા શહેર માટે એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની સતત રજૂઆતોને સફળતા મળી છે. હવે શહેરને દરરોજ ૮૦ લાખ લિટર પાણી શેલ દેદુમલ ડેમમાંથી ફાળવવામાં આવશે. આ નિર્ણયથી શહેરની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. સાવરકુંડલાના નાગરિકો અત્યાર સુધી ૧૦૦૦ ફૂટ ઊંડા બોરના ક્ષારયુક્ત પાણી પીવા મજબૂર હતા, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક હતું. મહેશભાઈ કસવાળાએ પાયાની જરૂરિયાતને સમજીને ડેમનું શુધ્ધ પાણી અપાવવા માટે સરકારમાં મજબૂત રજૂઆત





કરી હતી, જેના પરિણામે હવે નાગરિકોને ગુણવત્તાયુક્ત પાણી ઉપલબ્ધ થશે. ગામડાઓની સાથે શહેર નો પણ જળ સુરક્ષાનો માસ્ટરપ્લાન તૈયાર કરી ઉનાળામાં પાણીની અછત હવે ભૂતકાળ બનશે. દર વર્ષે ઉનાળો આવતા જ સાવરકુંડલામાં પાણીની જે વિકટ સ્થિતિ સર્જાતી હતી, તેનું હવે કાયમી નિરાકરણ આવી ગયું છે. વાર્ષિક ૨૯૨ કરોડ લિટર પાણીના જથ્થાના અનામત રાખવાના નિર્ણયથી ઉનાળાના આકરા દિવસોમાં પણ શહેરના જળાશયો છલકાયેલા રહેશે અને ગૃહિણીઓને પાણી માટે ભટકવું નહીં પડે. આ ઐતિહાસિક નિર્ણય બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પણ મુખ્યમંત્રી અને જળસંપત્તિ મંત્રીનો આભાર માન્યો છે.

# બાબરા હુમલાના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો: અમરેલી સેશન્સ કોર્ટનો મહત્વનો ચુકાદો

બાબરા,તા.૧૨

બાબરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૯માં નોંધાયેલા હુમલાના ગુનામાં આરોપી કાનાભાઈ ગોબરભાઈ સાકળીયા અને અન્યને કોર્ટે છોડી મૂક્યા છે. વિગતો મુજબ આરોપીઓ વિરૂધ્ધનો કેસ અમરેલીની સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો. આરોપીઓને એવી શંકા હતી કે ફરિયાદીને તેમના મામાના દીકરા સુભાષના પત્ની સાથે આડા સંબંધો છે અને તેઓ તેને ફરવા લઈ ગયા હતા. આ મનદુઃખ રાખી આરોપીઓએ તલવાર, લોખંડના પાઈપ અને પથ્થર વડે હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ હતો. આ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અમરેલીના સેશન્સ જજની કોર્ટમાં આ કેસ ચાલતા નામી કોર્ટે તમામ પુરાવાઓનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યું હતું. બચાવ પક્ષના વકીલોની દલીલોને માન્ય રાખીને કોર્ટે તારીખ ૧૨/૦૩/૨૦૨૬ના રોજ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીઓ પક્ષે વકીલ જગદિશ બી. ખુમાણ, વિજય કે. સરવૈયા રોકાયેલ હતા. તેમ અમિત ખુમાણ, તુષાર માઘડ અને કેવલ એ. રાઠોડની યાદીમાં આ ચુકાદા અંગે જણાવવામાં આવ્યું છે.

**આરોપીઓ પક્ષે વકીલ જગદિશ બી. ખુમાણ, વિજય કે. સરવૈયા દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને મુક્ત કર્યા**

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના જુડો ખેલાડીઓનો રાજ્યકક્ષાના ખેલમહાકુંભમાં દબદબો

અમરેલી,તા.૧૨

સાપુતારામાં ૩ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન ખેલમહાકુંભ રાજ્ય કક્ષાની જુડો U-૧૪,૧૭ ચેમ્પિયનશીપનું આયોજન સાપુતારા મુકામે થયું હતું. જેમાં વિવિધ જિલ્લાના જુડો રમતના ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલના DLSS જુડો ખેલાડીઓએ સિધ્ધીઓ મેળવેલ છે. આ શાળાના વિદ્યાર્થીમાં (૧)U-૧૪ નાકિયા



ઈશ્વર- ૩૦k.g સાથે સુવર્ણ પદક, (૨)U-૧૭ નંદવાણા રવિરાજ- ૫૦k.g સાથે સુવર્ણ પદક મેળવેલ, (૩)U-૧૭ મકવાણા હાર્દિક - ૪૦k.g સાથે સુવર્ણ પદક, (૧) U-૧૪ મકોલીયા હાર્દિક ૫૦Kg સાથે કાંસ્ય પદક (૨)U-૧૪ વાળા યશ ૫૦Kg સાથે કાંસ્ય પદક (૩) U-૧૭ મેણીયા કલ્પેશ ૪૦Kg સાથે કાંસ્ય પદક (૪)U-૧૭ ડાંગોદરા ધ્રુવિન ૪૦Kg સાથે કાંસ્ય પદક (૫) U-૧૭ મકવાણા કુલદીપ ૮૧Kg સાથે કાંસ્ય પદક ,(૬)U-૧૭ પટેલ મન ૬૬Kg સાથે કાંસ્ય પદક મેળવી શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા,મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ-ટ્રેનરને અભિનંદન પાઠવ્યા હતા.







# બાબરાની શૈક્ષણિક સંસ્થાઓમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

બાબરા,તા.૧૨

બાબરા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર બાબરાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં કાનૂની શિક્ષણ શિબિર સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત તાલુકા કુમાર શાળા, કન્યા શાળા, અબ્દુલ કલામ શાળા, હીના સ્કૂલ અને જે.બી.એસ.ટી. ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓને તેમના બંધારણીય મૂળભૂત અધિકારો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. શિબિર દરમિયાન




તસવીર : દિપક કનૈયા

તજજ્ઞો દ્વારા બાળલગ્ન નિવારણ, વ્યસનમુક્તિ અને પોસ્કો એક્ટ જેવા ગંભીર વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાળમજૂરી નાબૂદી અને મહિલા હેલ્પલાઈન જેવી સુવિધાઓ અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને કાનૂની સહાયની પ્રક્રિયા સમજાવી સમાજમાં જવાબદાર નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવાનો હતો.

ગામમાં દીપડાના આંટાફેરાથી પશુપાલકોમાં ભયનો માહોલ

# ધારીના ડાંગાવદર ગામમાં દીપડાએ વાછરડાનું મારણ કરતા ફફડાટ

**દીપડાને પાંજરે પુરવા ગ્રામજનોની વનવિભાગ સમક્ષ માંગ**



ધારી,તા.૧૨

ધારી તાલુકાના ડાંગાવદર ગામના રહેણાંક વિસ્તારમાં દીપડાએ મગનભાઈ નારાયણભાઈ પટોળીયાની માલિકીના એક વાછરડા પર હુમલો કરી તેનું મારણ કરતા સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાયો છે. આ હિંસક ઘટનાને પગલે સ્થાનિક પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુધનની સુરક્ષાને લઈને અત્યંત ચિંતિત બન્યા છે. ગ્રામજનોએ આ બાબતે વન વિભાગને તાત્કાલિક જાણ કરી દીપડાને પાંજરે પૂરવા અથવા રહેણાંક વિસ્તારથી દૂર ખસેડવા માટે ઉગ્ર રજૂઆત કરી છે જેથી ભવિષ્યમાં કોઈ જાનહાનિ ન થાય અને લોકો નિર્ભય બની પશુપાલન કરી શકે તેવી ગ્રામજનોએ અંતમાં માંગ કરી છે.

# વડીયા તાલુકાના તોરી ગામે કોટડીયા પરિવારના લગ્નપ્રસંગમાં રાજકીય, સામાજિક આગેવાનોની હાજરી



તોરી,તા.૧૨

તોરી ગામે તાજેતરમાં કોટડીયા પરિવારમાં લગ્ન પ્રસંગ યોજાયો હતો, જેમાં ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે વડીયા સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી આનંદસ્વરૂપદાસજી સ્વામી, રામસ્વરૂપ સ્વામી તથા હરિકૃષ્ણ સ્વામી જેવા સંતોએ પધારી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. તેમની સાથે પીઠડીયા મંદિરના મહંતે પણ ઉપસ્થિત રહી દંપતીને શુભાશિષ આપ્યા હતા.આ શુભ અવસરે ગુજરાત રાજ્યના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડ, પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી તથા ધારાસભ્ય જે.વી. કાકડીયાએ વિશેષ હાજરી આપી હતી. સામાજિક ક્ષેત્રે ખોડલધામના ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા, વસંતભાઈ મોવલીયા, જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટીયા અને સુરેશભાઈ દેસાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ઉદ્યોગપતિ કિશોરભાઈ વેકરીયા અને લેઉવા પટેલ સમાજના પ્રમુખ સહિત સુરતના ઉદ્યોગપતિઓ અને સ્થાનિક કન્વીનરોએ પણ હાજરી આપી હતી.

# સાવરકુંડલાની બ્રાન્ચ શાળા-૪ ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો




સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા ની શ્રી બ્રાન્ચ શાળા નંબર-૪ ખાતે 'ગ્રાહક સુરક્ષા' વિષય પર એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૮ ના અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય વક્તા પાંધીભાઈએ જણાવ્યું કે જો દરેક ગ્રાહક સજગ બને તો ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી શકાય છે. તેમણે ઉમેર્યું કે કાયદાનું પાલન અને હકો પ્રત્યેની જાગૃતિ જ સાચો દેશપ્રેમ છે. ત્યારબાદ શ્રી હિરાણી સાહેબે ૧૫ માર્ચ 'વિશ્વ ગ્રાહક દિવસ' સંદર્ભે માર્ગદર્શન આપતા એમઆરપીથી વધુ કિંમત ન ચૂકવવા અને ભેળસેળ સામે ફરિયાદ કરવા અનુરોધ કર્યો હતો.

# બાબરાના વલારડી ખાતે શિવકથા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું

**ગીરીબાપુના મુખેથી કથાનું શ્રવણ કરવા ભાવિકોને આમંત્રણ**




બાબરા તા.૧૨

બાબરા તાલુકાના પવિત્ર તીર્થસ્થળ દિવ્યધામ વલારડી ખાતે આગામી તા. ૧૯ માર્ચ ૨૦૨૬ થી ૨૭ માર્ચ ૨૦૨૬ દરમિયાન "શક્તિના સાનિધ્યમાં શિવનો મહિમા" શિવકથા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અવસરે પૂ. ગીરીબાપુ દરરોજ બપોરે ૩:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી શિવકથાનું રસપાન કરાવશે. કથાને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા વિશાળ મંડપ, પાર્કિંગ અને ભોજન પ્રસાદ જેવી સુવિધાઓ સાથે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કથા દરમિયાન હરિદ્વારના બ્રાહ્મણો દ્વારા દિવ્ય ગંગા આરતી અને નામી કલાકારો દ્વારા લોક ડાયરાનું પણ આયોજન છે. દિવ્યધામ વલારડી દ્વારા સૌ ભાવિક ભક્તોને આ દિવ્ય મહોત્સવમાં સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સાવરકુંડલા તાલુકાના ઘાડલા ગામે 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા તાલુકાના ઘાડલા ગામે 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા સેતુના મધ્યસ્થ કેન્દ્ર પર વિવિધ વિભાગોની સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. વૃદ્ધોને પેન્શનની અરજી માટે કે વિધવા બહેનોને સહાય માટે હવે શહેરો સુધી દોડવું નહીં પડે. સ્થળ પર જ નિકાલની પધ્ધતિએ વહીવટમાં પારદર્શિતા અને ગતિશીલતાના નવા આયામો સર કર્યા છે. જ્યારે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સીધા સંવાદ કરે છે, ત્યારે સામાન્ય ખેડૂત કે શ્રમિક પણ નિર્ભય બનીને પોતાની રજૂઆત કરી શકે છે.

# અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અને FWWB વચ્ચે MOU



અમરેલી,તા.૧૨

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંચાલિત અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયાના મહિલા ખેડૂતોના સર્વાંગી ઉત્કર્ષ માટે ફ્રેન્ડ્સ ઓફ વુમન વર્લ્ડ બેન્કિંગ (FWWB) સંસ્થા સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય અમરેલી જિલ્લાની મહિલાઓને પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક અભિગમ સાથે જોડી તેમને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો છે. આ કરાર હેઠળ મહિલાઓને માત્ર ખેતીનું જ્ઞાન જ નહીં, પરંતુ તેમના ઉત્પાદનોનું મૂલ્યવર્ધન, આકર્ષક પેકેજિંગ, બ્રાન્ડિંગ અને સીધા માર્કેટિંગ માટેની વિશેષ તાલીમ પૂરી પાડવામાં આવશે. આ અવસરે આયોજિત ત્રણ દિવસીય 'માર્કેટિંગ કૌશલ્ય વર્કશોપ'માં મહિલાઓને ઉત્પાદનથી વેચાણ સુધીની તમામ કડીઓ સમજાવવામાં આવી હતી. કુલપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી એ સસ્ટેનેબલ ભવિષ્યની ચાવી છે અને જ્યારે મહિલાઓ માર્કેટિંગ કૌશલ્ય શીખશે ત્યારે તેઓ સાચા અર્થમાં કૃષિ ઉદ્યમી બનશે. આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ મહિલા ખેડૂતો અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા, જે ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તનનો સંકેત આપે છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# જાફરાબાદના તપોવન ટેકરી આશ્રમ ખાતે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો ભવ્ય પ્રારંભ



જાફરાબાદ,તા.૧૨

જાફરાબાદના મિતિયાળા નજીક આવેલ તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે. કથાના પ્રથમ દિવસે મિતિયાળા ગામથી વાજતે-ગાજતે ભવ્ય પોથીયાત્રા નીકળી હતી, જે તપોવન ટેકરી ખાતેના કથા મંડપમાં પહોંચી હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ જ્ઞાનયજ્ઞમાં વક્તા તરીકે શાસ્ત્રી નિલકંઠભાઈ પી. વડીયા (ખાખબાઈ વાળા) બિરાજીને કથામૃતનું પાન કરાવી રહ્યા છે. કથાના પ્રારંભે સમૂહ રાષ્ટ્રગીતનું આયોજન કરવામાં આવ્યું હતું.

તપસ્વી આશ્રમમાં દર વર્ષે વિવિધ ધાર્મિક આયોજનોની પરંપરા મુજબ આ વર્ષે શિવ મહાપુરાણ યોજાયું છે. આશ્રમના મહંત રાઘવદાસજી મહારાજ (તપસ્વી બાપુ) દ્વારા શરૂ કરાયેલા ધાર્મિક અને સામાજિક કાર્યોને તેમના સ્વયંસેવકો આજે પણ વેગ આપી રહ્યા છે. આ નવ દિવસીય કથા દરમિયાન મંડપમાં ગાય માતાનું સાનિધ્ય રહેશે અને દરરોજ રાત્રે રામ ધૂન, સત્સંગ તથા ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાશે.

આ શિવ મહાપુરાણ દરમિયાન સતી પ્રાગટ્ય, પાર્વતી પ્રાગટ્ય, શિવ વિવાહ, ગણપતિ અને કાર્તિકસ્વામી પ્રાગટ્ય, દ્વાદશ જ્યોર્તિલિંગ કથા સહિત શિવજીના વિવિધ અવતારોની કથાઓ શ્રવણ કરાવવામાં આવશે. આ સાથે જ સુંદરકાંડના પાઠ અને લોક ડાયરાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કથા દરમિયાન પૂજા અને સેવાનું સુંદર વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે.


BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૩/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રસભર્યા અશરફબાનુ દિલાવરહુસેન
રહે. વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર આશિકઅબ્બાસ દિલાવરહુસૈન રસભર્યાનો જન્મ તા.૨૪/૦૯/૧૯૭૪ ના રોજ મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૨/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. બાબુભાઈ કલ્યાણભાઈ સાવલિયા
રહે. છાપરી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી છાપરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયંતીભાઈ બાબુભાઈ સાવલિયાનો જન્મ તા.૨૪/૦૪/૧૯૮૪ ના રોજ મુ.છાપરી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૭/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. હાફીઝ સાદીકઅલી અલીમોહમ્મદ
રહે. મહુવા તા.મહુવા જી.ભાવનગર

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર મોહમ્મદ જવાદ સાદીકઅલી હાફિઝનો જન્મ તા.૨૯/૦૩/૧૯૮૮ ના રોજ મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૬૬/૨૦૨૬

પ્રતિ,
શ્રી કંચનબેન વનમાળીદાસ અગ્રાવત,
રહે.કંસારી, ગામ-કંસારી, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.યુ.નંદવાણીયા, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કંસારી, તા.ઉના, જિ. ગીરસોમનાથ ..........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના કંસારી ગામના રહીશ વનમાળીદાસ ગોવિંદદાસ અગ્રાવત તથા કંચનબેન વનમાળીદાસ અગ્રાવતના પુત્ર નરેન્દ્રકુમાર વનમાળીદાસ અગ્રાવતનો જન્મ તારીખ **19/12/1987** ના રોજ ઉના તાલુકાના કંસારી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કંસારી, તાલુકો-ઉના સને-**1987** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

# વડિયામાં કાયમી મામલતદારની નિમણૂકનો પ્રશ્ન ગૂંચવાયો: બે વાર હુકમ થયા છતાં અધિકારીઓ હાજર થવા તૈયાર નથી

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાની મામલતદાર કચેરીનો વહીવટ લાંબા સમયથી ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી ઈન્ચાર્જ તરીકે કાર્યરત નાયબ મામલતદારની રાજકોટ ખાતે બદલી થતા વહીવટી મુશ્કેલીઓ વધી છે. હાલ વડિયામાં નાયબ મામલતદારના કુલ ૯ મહેકમ સામે માત્ર ૩ નાયબ મામલતદાર અને ૧ ઈન્ચાર્જ મામલતદાર મળી કુલ ૪ કર્મચારીઓથી ગાડું ચાલી રહ્યું છે. આગામી સમયમાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓ અને વસ્તી ગણતરી જેવી મોટી કામગીરી આવી રહી હોવા છતાં કાયમી મામલતદારની નિમણૂક ન થતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. વડિયાને વહીવટી વર્તુળોમાં 'સજાના કેન્દ્ર' તરીકે જોવામાં આવતું હોવાથી કોઈ અધિકારી અહીં આવવા તૈયાર નથી. છેલ્લા બે-ત્રણ વર્ષમાં બે વાર કાયમી મામલતદારના નિમણૂક હુકમો થયા હોવા છતાં, કથિત રાજકીય આશીર્વાદથી કોઈ અધિકારી હાજર થયા નથી. આ ઉપરાંત વડિયામાં સરકારી ક્વાટર્સ અને મકાનોની અછત પણ કર્મચારીઓને અહીં આવતા અટકાવતું એક મોટું કારણ છે. જો અહીં સરકારી ક્વાટર્સ બનાવવામાં આવે તો કર્મચારીઓના પ્રશ્ન હલ થઈ શકે તેમ છે. કાયમી અને સક્ષમ અધિકારીના અભાવે સામાન્ય જનતાના કામો અટવાઈ રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે સરકાર વડિયાને આ ઈન્ચાર્જ શાસન અને સ્ટાફની અછતમાંથી ક્યારે મુક્ત કરે છે.

**અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ**

# દામનગર ગુરુકુળ ખાતે છ દિવસીય યુવક સહકારી તાલીમ શિક્ષણ વર્ગનો પ્રારંભ

**તાલીમના અંતે તમામ સહભાગી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાશે**

અમરેલી,તા.૧૨



અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દામનગર ગુરુકુળ ખાતે છ દિવસીય યુવક સહકારી તાલીમ શિક્ષણ વર્ગનો ભવ્ય શુભારંભ થયો છે. સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં અંદાજે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. તારીખ ૦૯/૦૩/૨૦૨૬ થી ૧૪/૦૩/૨૦૨૬ સુધી ચાલનારા આ તાલીમ વર્ગનું સફળ સંચાલન જિલ્લા સંઘના સી.ઈ.આઈ. સાગરભાઈ મહેતા દ્વારા કરવામાં આવી રહ્યું છે. છ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓને સહકાર અને અન્ય વિવિધ ઉપયોગી વિષયો પર નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ તાલીમના અંતે તમામ સહભાગી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાશે.

# અમરેલીમાં પતિએ પત્નીને લાફો મારી ગાળાગાળી કરી

અમરેલી, તા.૧૨

અમરેલીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પુત્રવધુ વિરુધ્ધ સાસુએ અરજી કરી હતી. પતિએ પત્નીને લાફો મારીને ગાળાગાળી કરી હતી તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. આથી ફફડી ઉઠેલી પરિણીતા રેશમાબેન ચૌહાણ (ઉ.વ.૨૪)એ પતિ શકીલભાઈ ઈકબાલભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની વિરુધ્ધ તેમના સાસુએ અરજી કરી હતી. જેથી પોલીસ તેમને બોલાવવા જતા તેઓ ત્યાં ગયા નહોતા અને તેમના પતિને ચીડવવાની ના પાડી હતી. જેથી પતિએ લાફે લાફે મારીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ બી સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખડખડ, ચરખા અને ભાડેર ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અંગે બેઠકો યોજાઇ

અમરેલી, તા.૧૨



કુકાવાવ તાલુકાના ખડખડ ગામે, બાબરા તાલુકાના ચરખા અને ધારી તાલુકાના ભાડેર ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અને જળ વ્યવસ્થાપન અંગે ત્રણ અલગ-અલગ બેઠકોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકોમાં ગામના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રણેય બેઠકોમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે, પાણી એ માત્ર કુદરતી સંસાધન નથી, પણ આપણી આવનારી પેઢીનું ભવિષ્ય છે. જો આપણે આજે વરસાદી પાણીને જમીનમાં ઉતારવાનું આયોજન નહીં કરીએ તો ભવિષ્યમાં ખેતી અને પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટનો સંકલ્પ છે કે દરેક ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં રહે. આપણે સૌએ સાથે મળીને ચેકડેમો અને બોર રિચાર્જિંગ જેવા પ્રકલ્પો દ્વારા ભૂગર્ભ જળના ભંડારો ભરવા પડશે.

# દામનગરના ધામેલ ગામે આગમાં સેન્ટિંગનો સામાન બળીને ખાખ, રૂ.૧.૬૦ લાખનું નુકસાન

લાઠી, તા. ૧૨

દામનગર નજીક આવેલા ધામેલ ગામે એક મકાન પાસે આગ લાગવાની ઘટના સામે આવી હતી. ધામેલ ગામે રહેતા એક વ્યક્તિના મકાનના બહારના ભાગે કોઈ અગમ્ય કારણોસર અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ આગ એટલી ભયાનક હતી કે બહાર રાખેલ સેન્ટિંગનો કિંમતી સામાન જોતજોતામાં બળીને ખાખ થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, મકાન માલિકે કામ અર્થે ઘરની બહાર સેન્ટિંગનો સામાન રાખ્યો હતો. જેમાં અલગ-અલગ સાઈઝના લાકડાના ૬૦૦ નંગ ટેકા, ૩૦ નંગ લાકડાની પ્લાય અને ૮૦ નંગ લાકડાના લંબચોરસ કટકાનો સમાવેશ થાય છે. આગને કારણે આ તમામ વસ્તુઓ બળી ગઈ હતી, જેનાથી અંદાજે રૂ.૧,૬૦,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ બળી ગયો હતો.

# અમરેલીમાં પુસ્તક અનાવરણ પર્વ: યુવા કવિ અગન રાજ્યગુરુના ગઝલ સંગ્રહ 'આયના સામે'નું ભવ્ય વિમોચન

અમરેલી, તા.૧૨

અમરેલીના કેરિયા રોડ સ્થિત આર. કે. હોલ ખાતે અમરેલીના યુવા કવિ અગન રાજ્યગુરુના ત્રીજા ગઝલ સંગ્રહ 'આયના સામે'નું અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જાણીતા કવિ ભરતભાઈ વિંઝુડા ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિજય મહેતા, વિષ્ણુ દવે અને બાલાબાપુએ કવિ અગન રાજ્યગુરુની ગઝલોનું સંગીતમય ગાન કરીને સંગીતમય સ્વર શુકન કરાવ્યા હતા. પુસ્તકનું વિમોચન ડૉ. સ્નેહી પરમાર અને પ્રણવ પંડ્યાની આગેવાનીમાં થયું હતું, જેમાં કવિ હરજીવન દાફડા, ડૉ. કેતન કાનપરિયા, હાર્દિક વ્યાસ અને સુરભી જાની જોડાયા હતા. જ્યારે ડૉ. કેતન કાનપરિયાએ 'આયના સામે' સંગ્રહની ગઝલોના ભાવ, છંદોની સફાઈ, લય અને ગઝલના સૌંદર્ય વિશે સુંદર વક્તવ્ય આપીને સૌ ભાવકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ભગવતીબેન ગીરીશકુમાર જાની અને જયાબેન મનસુખભાઈ દવે દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સાહિત્ય અને શિક્ષણ જગતના અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ધ્રુવ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# દલખાણીયા ગામેથી સાસરે હુડલી ગામ જવા નીકળેલી પરિણીતા લાપતા થતા ચકચાર

**પરિવારજનોએ પરિણીતા ગૂમ થતા પોલીસને જાણ કરી**

ધારી, તા.૧૨

ધારીના દલખાણીયા ગામેથી સાસરે હુડલી ગામ જવા નીકળેલી પરિણીતા લાપતા થતાં અનેક તર્ક વિતર્ક શરૂ થયા હતા. બનાવ અંગે હુડલી ગામે રહેતા વિપુલભાઈ મનુભાઈ ગેલાણી (ઉ.વ.૩૬) એ જાહેર કર્યા મુજબ, તેના પત્ની સેજલબેન વિપુલભાઈ ગેલાણી પોતાના પિતાજીના ઘરે દલખાણીયા ગામે આવ્યા હતા. તા.૦૯/૦૩/૨૦૨૬ રોજ આશરે આઠેક વાગ્યે દલખાણીયા ગામેથી બસ સ્ટેશનેથી રીક્ષામા બેસી તેના સાસરે હુડલી ગામે જવા નીકળી હતી અને અને રસ્તામાંથી કયાક જતી રહી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

અમરેલી,તા.૧૨




અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૭ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વડા ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. આ નિમિત્તે આયોજિત નારી શક્તિ મહોત્સવ ૨૦૨૬ દરમિયાન "મજબૂત મહિલા, મજબુત રાષ્ટ્ર" વિષય પર વ્યાખ્યાન ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા આપવામાં આવ્યું. આ કાર્યક્રમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઈનર વ્હીલ ક્લબના સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦ મહિલાઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. સાથે સાથે કે. વી. કે. વૈજ્ઞાનિક ડો. નેહાબેન તિવારી દ્વારા કાર્યક્રમની ઉજવણી માટે ઓફ કેમ્પસ તાલીમ ગોઠવામાં આવી હતી, જેનો વિષય કૃષિમાં મહિલા નેતૃત્વ ઉદ્યોગ સાહસિકતા સમાનતા અને સશક્તિકરણ હતો. આ તાલીમ સણોસરા ગામ ખાતે રાખવામાં આવી જેમાં ૫૦ કરતાં વધારે ખેડૂત બહેનોએ ભાગ લીધેલ હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૧૩-૦૩-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૪૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વઅષાઢા, ઉત્તરઅષાઢા

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૩-૨૦૨૬ શુક્રવાર

મેષ: ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે.

કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

સિંહ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે.

ધન: આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો.

મકર: આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે.

# હીટવેવની આગાહીને લઈ અમરેલી જિલ્લાની શાળાઓનો સમય સવારનો કરવા માંગણી

**ભારે ગરમીને કારણે નાના ભૂલકાઓને બપોરના સમયે શાળાએ જવા પડતી મુશ્કેલી**

અમરેલી,તા.૧૨

ઉનાળાની શરૂઆતમાં જ આકરી ગરમી પડતા નાના ભૂલકાઓને મુશ્કેલી ન પડે તે માટે શાળાનો સમય સવારનો કરવા શિક્ષક સંગઠને રજૂઆત કરી છે. ઉનાળાની શરૂઆત થતાં જ ગણતરીના દિવસોમાં આંકરો તાપ પડવા લાગ્યો છે. બાલવાટિકાથી ધોરણ આઠ સુધીના નાના ભૂલકાઓ પ્રાથમિક શાળામાં બપોરના સમયે શાળાએ જતા હોય છે અને આ ધોમધખતા તાપમા શિક્ષણ મેળવતા હોય છે. આ બાબતને ધ્યાને લઈ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા તથા મહામંત્રી પ્રવિણભાઈ કસવાળા, રસિકભાઈ મહેતા એ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનને પત્ર પાઠવી નાના બાળકોના હિતમાં આગામી ૧૫ માર્ચથી શાળાનો સમય સવારનો કરવા માટે માંગણી કરી છે.

અમરેલી જિલ્લામાં પડી રહેલા તડકા અને હીટ વેવને ધ્યાનમાં રાખી વાલીઓમાં પણ શાળાનો સમય સવારનો થાય તેવો ગણગણાટ થઈ રહ્યો છે.

**જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની શિક્ષણાધિકારીને રજૂઆત**

# સાવરકુંડલાના મઢડા ગામે સીએસસી સેન્ટર દ્વારા ટેલી- લો સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૧૨



સા.કુંડલાના મઢડા ગામે CSC સેન્ટર દ્વારા ટેલી-લો વિષય પર એક વિશેષ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ મેનેજર અભયભાઈ મોડાસિયાએ ગ્રામજનોને કોમન સર્વિસ સેન્ટરના માધ્યમથી મળતી કાનૂની સેવાઓની વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. આ પ્રસંગે ઓ.પી. જમાદાર મહેશભાઈ ભટ્ટ, સરપંચ નાજાભાઈ સરવૈયા, ઉપસરપંચ, રહીમભાઈ દલ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રાજુભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં રમતગમત મહોત્સવની ઉજવણી

અમરેલી,તા.૧૨



સાવરકુંડલા ખાતે શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં વાર્ષિક 'સ્પોર્ટ્સ ડે' ઉત્સાહભેર ઉજવાયો હતો. પ્રિન્સિપાલ શ્રી ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહોત્સવમાં દીકરીઓએ વિવિધ સ્પર્ધાઓમાં જોશભેર ભાગ લીધો હતો. ૧૦૦ મીટર દોડમાં હડિયા હીના, ૨૦૦ મીટરમાં મકવાણા હેતલ, ૪૦૦ મીટરમાં સરવૈયા ભૂમિકા અને ૮૦૦ મીટરમાં ગોસ્વામી શિવાની પ્રથમ રહ્યા હતા. કૂદ સ્પર્ધામાં શેખ રુકસાનાએ મેદાન માર્યું હતું, જ્યારે ફેંક સ્પર્ધામાં પારગી વીણા અને દેવ મુરારી હિરલે શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. સમગ્ર સ્પર્ધામાં પારગી વીણા 'કોલેજ ચેમ્પિયન' અને શેખ રુકસાના 'રનર્સઅપ' જાહેર થયા હતા.

# લાઠીના હરસુરપુર દેવળીયા (પુંજાપર)ની પરિણીતા લાપતા બની

લાઠી, તા.૧૨

લાઠીના હરસુરપુર દેવળીયા (પુંજાપર) પરિણીતા લાપતા બની હતી. આ અંગે રમેશભાઈ માવજીભાઈ મેવાડા (ઉ.વ.૫૯) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી રસીલાબેન કાંતીભાઈ મીયાત્રા (ઉ.વ.૩૨ ધંધો.ઘરકામ રહે.શેખ પીપરીયા તા.લાઠી) ૦૮/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યે તેમના ઘરેથી કોઈને કાંઇ પણ કહ્યા વગર ઘરેથી નીકળી ક્યાંક જતી રહી હતી.

# અમરેલી જિલ્લામાંથી છ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી છ શરાબી ઝડપી પાડ્યા હતા. પચપચીયા ગામેથી બે, બગસરા, જાફરાબાદ, અમરેલી, સાવરકુંડલામાંથી એક-એક મળી કુલ છ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. વડીયામાંથી બે લીટર અને જાફરાબાદમાંથી બે લીટર મળી ચાર લીટર દેશી દારૂ પકડાયો હતો.

# લાઠીના અડતાળા ગામની પરિણીતા પુત્રી સાથે ચાલી નીકળી

લાઠી, તા.૧૨

લાઠીના અડતાળા ગામની એક પરિણીતા તેની પુત્રી સાથે ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે હમીરભાઈ જાહાભાઈ રાતડીયા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, તેની પત્નિ લીલાબેન ઉર્ફે ટીનુબેન (ઉ.વ.૨૮) બાબરા બસ સ્ટેશન પાસેથી પોતાની એક વર્ષની દીકરીને સાથે લઈને કોઈને કાંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. તપાસ કરવા છતાં આજદિન સુધી મળી નથી.

તંત્રી લેખ

# ખાતર પુરવઠા પર વૈશ્વિક સંઘર્ષની અસર

પશ્ચિમ એશિયામાં વધતી જતી તણાવપૂર્ણ પરિસ્થિતિ અને ઈઝરાયલ-અમેરિકા તથા ઈરાન વચ્ચે વધતા સંઘર્ષના પરિણામે વૈશ્વિક ઊર્જા બજારમાં અસ્થિરતા જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ માત્ર ક્રૂડ ઓઈલ, એલપીજી અને સીએનજી ગૅસના પુરવઠાને જ અસર કરતી નથી, પરંતુ ભારત માટે એક વધુ મહત્વપૂર્ણ ચિંતા ઊભી કરે છે ,દેશની ખાદ્ય સુરક્ષા. કારણ કે ખાતર ઉદ્યોગ અને કૃષિ ઉત્પાદન બંને મોટા પાયે આંતરરાષ્ટ્રીય બજારો અને ઊર્જા પુરવઠા પર આધારિત છે. ભારત વિશ્વના સૌથી મોટા કૃષિ આધારિત દેશોમાંથી એક છે અને ખેતી ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરોનો વ્યાપક ઉપયોગ થાય છે. દેશમાં વપરાતા કુલ ખાતરમાંથી લગભગ ચોથો હિસ્સો આયાત દ્વારા પ્રાપ્ત થાય છે. આ આયાતમાંથી લગભગ ૪૦ ટકા જેટલો પુરવઠો પશ્ચિમ એશિયાના દેશોમાંથી આવે છે. આથી, આ પ્રદેશમાં રાજકીય કે સૈન્ય તણાવ વધે ત્યારે તેનો સીધો પ્રભાવ ભારતીય ખાતર બજાર પર પડવાની શક્યતા વધી જાય છે. દેશમાં સ્થાનિક સ્તરે પણ યુરિયાનો મોટો જથ્થો ઉત્પાદન થાય છે, પરંતુ એ ઉત્પાદન માટે કુદરતી ગૅસ અત્યંત જરૂરી છે. ભારતના યુરિયા ઉત્પાદનમાં લગભગ ૮૫ ટકા ઉત્પાદન આયાતી કુદરતી ગૅસ પર આધારિત છે. આ ગૅસ મુખ્યત્વે કતાર, યુએઈ, સાઉદી અરેબિયા અને કુવૈત જેવા ગલ્ફ દેશોમાંથી આવે છે. જો આ પ્રદેશમાં યુદ્ધ અથવા રાજકીય અસ્થિરતા સર્જાય, તો ગૅસ પુરવઠા પર અસર પડે અને તેનો સીધો પ્રભાવ ખાતર ઉત્પાદન પર પણ જોવા મળે. તાજેતરના સમયમાં વૈશ્વિક ખાતર ઉદ્યોગને બીજી દિશામાંથી પણ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. યુક્રેન દ્વારા રશિયાની તેલ રિફાઈનરી પર કરવામાં આવેલા ડ્રોન હુમલાઓના કારણે કેટલાક મોટા સલ્ફર નિકાસકાર દેશોએ નિકાસ મર્યાદિત કરવાની કાર્યવાહી કરી છે. સલ્ફર ખાતર ઉત્પાદનમાં મહત્વનું કાચું માલ છે, તેથી તેના પુરવઠામાં અવરોધ આવે તો ખાતરના ઉત્પાદન ખર્ચ અને ઉપલબ્ધતા બંને પર અસર પડી શકે છે. આ ઉપરાંત ઈરાન પણ યુરિયા અને એમોનિયાનું મહત્વપૂર્ણ નિકાસકાર દેશ છે. હાલની યુદ્ધસદશ પરિસ્થિતિમાં જો હોર્મુઝની ખાડી મારફતે થતા કુદરતી ગૅસના પરિવહનમાં વિક્ષેપ આવે તો વિશ્વભરના ખાતર ઉદ્યોગ પર તેનો પ્રભાવ જોવા મળી શકે છે. જોકે ભારતના ખાતર ઉત્પાદનમાં ઈરાનનો સીધો હિસ્સો ખૂબ મોટો નથી, તેમ છતાં વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધ સર્જાય તો આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવમાં ઉછાળો આવવાની શક્યતા વધી જાય છે. આવી સ્થિતિ અગાઉ પણ સર્જાઈ ચૂકી છે. લગભગ ચાર વર્ષ પહેલા, જ્યારે રશિયાએ યુક્રેન પર સૈન્ય કાર્યવાહી શરૂ કરી હતી ત્યારે વૈશ્વિક ખાતર બજારમાં ભારે અસથિરતા જોવા મળી હતી અને ભાવોમાં નોંધપાત્ર વધારો થયો હતો. હાલની પરિસ્થિતિ ફરી એકવાર તેવા જ સંકેતો આપી રહી છે. ભારત માટે બીજી એક ચિંતાની બાબત ચીન સાથેના વેપારી સંબંધોમાં આવેલા ફેરફારો છે. વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ચીન ભારત માટે યુરિયા અને ડિ-એમોનિયમ ફોસ્ફેટ (DAP)નું સૌથી મોટું સપ્લાયર હતું. પરંતુ વ્યૂહાત્મક કારણોસર અને ચીન પર આધાર ઘટાડવા માટે ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં ગલ્ફ દેશોમાંથી આયાત વધારવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં ભારત નાઈજેરિયા, ઉઝબેકિસ્તાન અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાંથી પણ યુરિયાની ખરીદી કરે છે, પરંતુ આ દેશોમાંથી મળતો પુરવઠો હજુ પ્રમાણમાં મર્યાદિત છે. આ તમામ પરિસ્થિતિઓને જોતા એવું સ્પષ્ટ થાય છે કે વૈશ્વિક રાજકીય હલચલ અને રાજદ્વારી સંબંધોમાં થતા ફેરફારોનો સીધો પ્રભાવ ભારતીય કૃષિ ક્ષેત્ર પર પડી શકે છે.

# હોર્મુઝ સ્ટ્રેટના દરિયાઇ પરિવહન માર્ગની સલામતી માટે ભારત એક્શન મોડમાં


પ્રાસંગિક
સુરેશ દેસાઇ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સમગ્ર વિશ્વમાં ઊર્જા પુરવઠા અંગે ચિંતા વધી રહી છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારની પરિસ્થિતિને કારણે તેલના પરિવહન અને વેપાર પર અસર થવાની ભીતિ ઉભી થઈ છે. ભારત માટે આ મુદ્દો વધુ મહત્વનો છે કારણ કે ભારત તેની ઊર્જાની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે રાજનૈતિક સ્તરે સક્રિયતા વધારી છે અને અનેક દેશો સાથે ચર્ચાઓ શરૂ કરી છે. તાજેતરમાં ભારતના વિદેશ મંત્રી જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સાથે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. આ ચર્ચામાં પશ્ચિમ એશિયાની હાલની પરિસ્થિતિ અને ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા તેલના ટેન્કરોની સુરક્ષા વિશે વિગતવાર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. બંને દેશોએ આ મહત્વના સમુદ્રી માર્ગને સંઘર્ષમુક્ત રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગોમાંનું એક છે. વિશ્વના લગભગ પાંચમા ભાગ જેટલું તેલ આ માર્ગ દ્વારા પસાર થાય છે. ભારત, ચીન, જાપાન અને યુરોપ જેવા ઘણા દેશો માટે આ માર્ગ ઊર્જા પુરવઠા માટે અત્યંત મહત્વનો છે. જો આ માર્ગમાં કોઈ વિઘ્ન ઊભું થાય તો વિશ્વના તેલ બજારમાં અસ્થિરતા આવી શકે છે અને તેલના ભાવમાં ભારે વધારો થઈ શકે છે. આથી ભારત સહિત ઘણા દેશો માટે આ વિસ્તારની શાંતિ અત્યંત જરૂરી બની જાય છે. ઈરાન અને પશ્ચિમ દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધની અસર હવે સમુદ્રી માર્ગો પર પણ જોવા મળી રહી છે. તાજેતરમાં થાઈલેન્ડનું એક કાર્ગો જહાજ હોર્મુઝ સ્ટ્રેટ નજીક હુમલાનો ભોગ બન્યું હતું. આ જહાજ યુએઈના ખલીફા બંદરથી ગુજરાતના કંડલા બંદર તરફ જઈ રહ્યું હતું. હુમલા બાદ જહાજને નુકસાન થયું અને તેમાં સવાર ખલાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય વેપાર અને સમુદ્રી સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ ઘટનામાં ઓમાનની નૌકાદળે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઓમાની નૌકાદળે જહાજમાંથી ૨૦ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવ્યા હતા અને બાકીના ત્રણ સભ્યોને બચાવવા માટે કામગીરી ચાલુ રાખી હતી. આ ઘટના દર્શાવે છે કે પશ્ચિમ એશિયાની હાલની પરિસ્થિતિ સમુદ્રી વેપાર માટે જોખમી બની રહી છે. ભારત માટે આ પરિસ્થિતિ ખાસ મહત્વ ધરાવે છે કારણ કે ગુજરાતના કંડલા પીપાવાવ ને મુદ્રા બંદર જેવા મોટા બંદરો પર મોટી માત્રામાં તેલ અને અન્ય માલસામાન આયાત થાય છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ ઉભો થાય તો ભારતના ઊર્જા પુરવઠા અને વેપાર પર સીધી અસર પડી શકે છે. તેથી ભારત સરકાર આ મુદ્દે ખૂબ જ સાવચેત અને સક્રિય છે. વિદેશ મંત્રી જયશંકરે માત્ર ઈરાન સાથે જ નહીં પરંતુ યુરોપિયન દેશો સાથે પણ ચર્ચાઓ કરી છે. તેમણે ફ્રાન્સના વિદેશ મંત્રી સાથે પણ પશ્ચિમ એશિયાની હાલની પરિસ્થિતિ અંગે વિચારવિમર્શ કર્યો હતો. આ ઉપરાંત તેમણે યુરોપિયન યુનિયનના વરિષ્ઠ અધિકારી સાથે પણ વાતચીત કરી હતી. આ ચર્ચાઓનો મુખ્ય હેતુ સંઘર્ષને વધુ વધતા અટકાવવાનો અને સમુદ્રી માર્ગોને સુરક્ષિત રાખવાનો છે. ભારતની વિદેશ નીતિ હંમેશા સંતુલિત અને શાંતિપૂર્ણ રહી છે. ભારત કોઈ પણ સંઘર્ષમાં સીધો પક્ષ લેવાને બદલે સંવાદ અને સહયોગ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવા પર ભાર મૂકે છે. આ પરિસ્થિતિમાં પણ ભારત એ જ અભિગમ અપનાવી રહ્યું છે. ભારત ઈરાન, યુરોપિયન દેશો અને અન્ય ભાગીદાર દેશો સાથે સતત સંપર્કમાં રહીને પરિસ્થિતિને સ્થિર રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. સાથે સાથે સુરક્ષા દ્રષ્ટિએ પણ ભારત તૈયારીઓ કરી રહ્યું છે. જો જરૂરી બને તો ભારતીય નૌકાદળ હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં પસાર થતા ભારતીય અથવા ભારત માટે મહત્વપૂર્ણ તેલ ટેન્કરોને એસ્કોર્ટ કરવાની યોજના બનાવી શકે છે. આ પગલું ટેન્કરોની સુરક્ષા માટે ખૂબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. અગાઉ પણ અનેક વખત આંતરરાષ્ટ્રીય સમુદ્રી માર્ગોની સુરક્ષા માટે વિવિધ દેશોના નૌકાદળો આવી કાર્યવાહી કરતા આવ્યા છે. આ સમગ્ર ઘટનાક્રમ વિશ્વ અર્થતંત્ર માટે પણ મહત્વ ધરાવે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં લાંબા સમય સુધી અસ્થિરતા રહે તો વૈશ્વિક બજારો પર તેની અસર પડશે. તેલના ભાવમાં વધારો થશે અને ઘણા દેશોની અર્થવ્યવસ્થા પર દબાણ વધશે. ખાસ કરીને વિકાસશીલ દેશો માટે આ સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. ભારત જેવા મોટા આયાતકાર દેશ માટે ઊર્જા સુરક્ષા અત્યંત મહત્વની છે. આથી ભારત સરકાર વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો શોધવા, નવી ભાગીદારી બનાવવી અને ઊર્જા સંગ્રહ ક્ષમતા વધારવા જેવા પગલાં પણ લઈ રહી છે. લાંબા ગાળે આ નીતિઓ ભારતને આવી પરિસ્થિતિઓનો સામનો કરવામાં મદદ કરશે. ભારતની ઊર્જા સંગ્રહ ક્ષમતા વધારવાની જરૂરિયાત ભારત ઝડપી વિકાસશીલ દેશ છે અને અહીં ઊર્જાની માંગ સતત વધી રહી છે. ઉદ્યોગ, પરિવહન, કૃષિ અને ઘરેલુ ઉપયોગ માટે મોટી માત્રામાં ઊર્જાની જરૂર પડે છે. ભારત પોતાની જરૂરિયાતનું ઘણું તેલ અને ગેસ વિદેશથી આયાત કરે છે. તેથી જો આંતરરાષ્ટ્રીય બજારમાં કોઈ સંકટ ઉભું થાય અથવા યુદ્ધ જેવી પરિસ્થિતિ બને, તો દેશના ઊર્જા પુરવઠા પર અસર પડી શકે છે. આ કારણોસર ભારત માટે ઊર્જા સંગ્રહ ક્ષમતા વધારવી ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. ઊર્જા સંગ્રહનો અર્થ એ છે કે દેશ ભવિષ્યમાં આવનારી મુશ્કેલ પરિસ્થિતિ માટે તેલ, ગેસ અથવા અન્ય ઊર્જા સ્ત્રોતોનો જથ્થો સંગ્રહિત રાખે. વિશ્વના ઘણા દેશો આવું કરે છે. ઉદાહરણ તરીકે અમેરિકા અને ચાઈના જેવા દેશો પાસે મોટા પ્રમાણમાં સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ છે. આ સંગ્રહ સંકટના સમયમાં દેશને મદદ કરે છે. ભારતે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. દેશમાં વિવિધ સ્થળોએ સ્ટ્રેટેજિક તેલ ભંડાર બનાવવામાં આવ્યા છે. જેમ કે વિશાખાપટ્નમ અને મેંગલોર ખાતે મોટા ભૂગર્ભ તેલ સંગ્રહ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. આ ભંડારોમાં લાખો ટન કાચા તેલનો જથ્થો રાખી શકાય છે, જે જરૂર પડ્યે ઉપયોગમાં લઈ શકાય છે. પરંતુ ભારત માટે હજુ પણ સંગ્રહ ક્ષમતા વધારવાની જરૂર છે. જો વૈશ્વિક સંકટ લાંબા સમય સુધી ચાલે તો હાલનો સંગ્રહ પૂરતો ન રહે. તેથી સરકાર વધુ નવા સંગ્રહ કેન્દ્રો બનાવવાની યોજના પર કામ કરી રહી છે. આ ઉપરાંત દેશને સૂર્ય ઊર્જા, પવન ઊર્જા અને હાઈડ્રોજન જેવી વિકલ્પ ઊર્જા પર પણ વધુ ધ્યાન આપવું જોઈએ. આ રીતે ઊર્જા સંગ્રહ ક્ષમતા વધારવાથી ભારતને ઊર્જા સુરક્ષા મળશે અને ભવિષ્યમાં આવનારી અચાનક સમસ્યાઓનો સામનો સરળતાથી કરી શકાશે. આ દેશની અર્થવ્યવસ્થા અને વિકાસ માટે પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આ રીતે જોવામાં આવે તો પશ્ચિમ એશિયાની હાલની પરિસ્થિતિ માત્ર પ્રાદેશિક મુદ્દો નથી, પરંતુ તેનું પ્રભાવ સમગ્ર વિશ્વ પર પડે છે. હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગોને સુરક્ષિત રાખવું દરેક દેશ માટે જરૂરી બની ગયું છે. રાજનૈતિક ચર્ચા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને સમુદ્રી સુરક્ષા દ્વારા જ આ પડકારનો યોગ્ય રીતે સામનો કરી શકાય છે. ભારત આ દિશામાં સક્રિય રીતે પ્રયાસ કરી રહ્યું છે, જે દેશની ઊર્જા સુરક્ષા અને વૈશ્વિક સ્થિરતા બંને માટે મહત્વપૂર્ણ છે.




**દરિયાઇ સુરક્ષા દ્રષ્ટિએ પણ ભારત તૈયારીઓ કરી રહ્યું છે. જો જરૂરી બને તો ભારતીય નૌકાદળ હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં પસાર થતા ભારતીય અથવા ભારત માટે મહત્વપૂર્ણ તેલ ટેન્કરોને એસ્કોર્ટ કરવાની યોજના બનાવી શકે છે. આ પગલું ટેન્કરોની સુરક્ષા માટે ખૂબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. અગાઉ પણ અનેક વખત આંતરરાષ્ટ્રીય સમુદ્રી માર્ગોની સુરક્ષા માટે વિવિધ દેશોના નૌકાદળો આવી કાર્યવાહી કરતા આવ્યા છે.**

## શબ્દ સંજોગ-૨૧૬૧



**આડી ચાવી :**
(૧) એક વનસ્પતિ (૩)
(૪) અમાન્ય, અણગમતુ (૪)
(૭) ભગવાન રામના એક ભાઈ (ગામઠી ભાષામાં) (૪)
(૯) નાની કાચી કેરી (૩)
(૧૧) જ્ઞાતિ, જાત (૨)
(૧૨) વિષ્ણુ, પ્રભુ (૪)
(૧૪) બદલીમાં કામ કરનારુ (૩)
(૧૫) પડદો, વસ્ત્ર (૨)
(૧૬) અંગ્રેજી ચલણનું નાણુ (૪)
(૧૮) ટૂંકી બાયનું ખૂલતુ પહેરણ (૩)
(૧૯) કાપવુ, છેદવુ (૩)
(૨૦) ....વીરસ્ય ભૂષણમ (૨)
(૨૨) ગરદન (૨)
(૨૩) આ કોઈનો સગો નહિ (૨)
(૨૫) પ્રદેશ કે જગ્યાનો માપકાર આલેખ (૩)
(૨૮) ચોમાસુ પાક (૩)
(૨૯) બાવાઓનો સમૂહ (૩)

**ઉભી ચાવી :**
(૧) તુલનાવાળુ (૫)
(૨) કરાર (૩)
(૩) ખેતર કે ગામની હદ (૨)
(૫) અનુમતિ, કબૂલાત (૩)
(૬) ફિલ્મની ટિકિટ માટે અપાતી રકમ (૨)
(૮) બધુ 'વેરણ છેરણ' થઈ ગયુ (૬)
(૧૦) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૧૩) પૂર્વનું, અગાઉ થઈ ગયેલુ (૨)
(૧૪) નખરા, અભિનયની છટા (૨)
(૧૫) ગેરહાજર, અપ્રત્યક્ષ (૩)
(૧૭) ભાંગે નહી પણ વળે એવુ (૪)
(૧૮) પરવાનો, પરવાનગી (૩)
(૨૧) દ્વારા, વચમાં રાખીને (૪)
(૨૨) ઘણી કંપની કર્મચારીઓને દિવાળીમાં આપે (૩)
(૨૪) સમી સાંજ (૩)
(૨૬) વ્યક્તિ-વ્યક્તિએ બદલાતા જાય (૨)
(૨૭) ઉતાવળો શ્વાસ ચાલવો તે (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૦ જવાબ

**આડી ચાવી:** (૧) અમીનજર (૫) વહેર (૮) ગણવેશ (૯) મંદ (૧૦) ભૂપ (૧૨) ભાત (૧૩) તિથિ (૧૪) સ્વરકાર (૧૭) કવિ (૧૯) ખેરાત (૨૧) જયારે (૨૩) વાંક (૨૪) શ્વાન (૨૬) લમસ (૨૯) સમાન (૩૧) વાયરો (૩૩) જવ (૩૪) રોટલી. **ઉભી ચાવી:** (૧) અનુભૂતિ (૨) નગ (૩) જણ (૪) રવેવિરખે (વેરવિખેર) (૬) હેમંત (૭) રદ (૧૧) પથિક (૧૨) ભારત (૧૫) કારાવાસ (૧૬) મટક (૧૮) વિજયા (૨૦) વિશ્વાસ (૨૨) રેલ (૨૫) નમાજ (૨૭) મપારો (૨૮) મવાલી (૩૦) નવ (૩૨) રોડું.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૩૩ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૦૬૧ |
| બાજરી | ૧૯૦ | ૩૦૪ |
| મકાઇ | ૨૪૦ | ૩૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૭૦૦ |
| મગ | ૯૨૦ | ૧૬૭૭ |
| વાલ દેશી | ૫૩૫ | ૧૧૩૦ |
| ચોળી | ૬૭૧ | ૬૭૧ |
| વટાણા | ૮૮૦ | ૧૨૪૧ |
| રાજમા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૨૦ | ૧૫૨૨ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૪૦ |
| તલી | ૧૪૫૦ | ૨૦૮૦ |
| સુરજમુખી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૨૦૫ | ૧૨૮૩ |
| અજમો | ૨૧૦૦ | ૨૨૯૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૪ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૬૨૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૩૫ |
| ધાણા | ૧૮૫૦ | ૨૨૫૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૭૨૦૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૫૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૬૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૭૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૦૦ | ૧૫૯૦ |
| ઇસબગુલ | ૯૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૯૭૫ | ૧૨૩૪ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૯૩૦ | ૧૧૬૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૮૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૩૨૨ | ૨૬૦૨ |
| સાકરટેટી | ૨૧૬ | ૪૧૧ |
| તરબુચ | ૪૧૯ | ૬૩૨ |
| પપૈયા | ૮૪ | ૧૮૨ |
| બટેટા | ૭૮ | ૨૧૮ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૫૧ |
| ટમેટા | ૧૭૧ | ૩૧૨ |
| સુરણ | ૧૦૧૨ | ૧૨૨૩ |
| કોથમરી | ૨૫૧ | ૪૦૮ |
| સકરીયા | ૫૦૨ | ૬૭૮ |
| મુળા | ૩૫૬ | ૫૪૨ |
| રીંગણા | ૧૭૩ | ૪૮૨ |
| કોબીજ | ૫૬ | ૧૦૯ |
| ફ્લાવર | ૨૧૭ | ૪૫૮ |
| ભીંડો | ૭૨૧ | ૯૭૨ |
| ગુવાર | ૮૦૭ | ૧૧૮૬ |
| ચોળાસીંગ | ૬૨૩ | ૯૪૯ |
| વાલોળ | ૪૪૮ | ૬૬૨ |
| ટીંડોળા | ૩૭૨ | ૭૭૯ |
| દુધી | ૫૧ | ૧૧૮ |
| કારેલા | ૬૧૭ | ૭૯૮ |
| સરગવો | ૪૬૮ | ૮૮૮ |
| તુરીયા | ૩૩૪ | ૫૫૨ |
| પરવર | ૧૨૨૪ | ૧૬૮૪ |
| કાકડી | ૨૪૭ | ૫૧૪ |
| ગાજર | ૧૬૪ | ૨૫૬ |
| વટાણા | ૨૨૫ | ૪૪૭ |
| ગલકા | ૩૧૧ | ૪૪૬ |
| બીટ | ૮૫ | ૧૭૬ |
| મેથી | ૨૦૬ | ૩૧૨ |
| વાલ | ૭૨૨ | ૮૯૨ |
| ડુંગળી લીલી | ૧૯૮ | ૩૧૪ |
| આદુ | ૧૦૧૮ | ૧૨૩૧ |
| મરચા લીલા | ૬૨૧ | ૮૨૨ |
| લસણ લીલું | ૭૧૧ | ૧૦૨૧ |
| મકાઇ લીલી | ૧૪૬ | ૨૨૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૫૬ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૫૬૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૭૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૨૯૬ |
| તલ લાલ | ૨૦૫૧ | ૨૦૫૧ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૩૧૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૮૯૧ |
| ધાણા | ૧૨૫૧ | ૨૩૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૯૯૦૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૪૧૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૪૬ |
| અડદ | ૮૪૧ | ૧૫૦૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૦૧ |
| રાયડો | ૮૦૦ | ૧૦૬૧ |
| રાય | ૬૭૬ | ૧૩૨૧ |
| મેથી | ૭૭૬ | ૧૪૦૧ |
| કાંગ | ૪૦૧ | ૪૫૧ |
| મરચા | ૧૭૦૧ | ૭૮૦૧ |
| મગફળી જાડી | ૧૦૯૧ | ૧૫૩૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૭૦૧ |
| મગફળી ૬૬ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૦૫૧ |
| ધાણી | ૧૩૫૧ | ૩૦૨૬ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૨૬૧ |
| બાજરો | ૩૦૧ | ૩૬૧ |
| જુવાર | ૮૫૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૪૨૧ | ૫૦૧ |
| મગ | ૮૭૬ | ૧૮૨૧ |
| ચણા | ૯૮૬ | ૧૦૫૧ |
| વાલ | ૬૨૬ | ૧૧૦૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૭૦૧ |
| સોયાબીન | ૯૭૬ | ૧૦૭૬ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૬૦૧ | ૯૧૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૩૬૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૫ | ૧૫૫ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૨ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૫ | ૧૬૪૦ |
| શિંગ મઠડી | ૧૩૪૫ | ૧૪૧૫ |
| ગીરનાર શિંગ | ૧૩૭૫ | ૧૪૫૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૬૦ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૬૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૦૯૫ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૨૭૦ |
| તલ કાશ્મીરી | ૧૯૦૦ | ૧૯૮૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૯૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૫ | ૧૦૩૫ |
| દેશી ચણા | ૧૦૧૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૦૦૦ |
| ચણા છોલે | ૧૪૦૫ | ૧૪૦૫ |
| તુવેર | ૯૨૫ | ૧૫૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૫૦ |
| રાઈડો | ૧૦૩૫ | ૧૦૩૫ |
| રાય | ૭૬૫ | ૧૦૦૫ |
| ધાણા | ૧૬૬૦ | ૨૧૭૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૮૬૫ |
| અજમા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૫ |
| મરચા લાંબા | ૧૨૧૦ | ૬૮૦૦ |
| મરચા ઘોલર | ૩૫૦૦ | ૬૨૧૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૨૦ |
| શકકરીયા | ૩૫૦ | ૪૦૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૨૦ |
| ગાજર | ૨૧૦ | ૩૨૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૨૦ | ૩૨૦ |
| મૂળા | ૨૦૦ | ૨૯૦ |
| કાકડી | ૨૦૦ | ૨૪૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૦૦ | ૬૫૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૫૦ | ૬૫૦ |
| આદુ | ૧૧૧૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૨૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૧૦ | ૨૫૦ |
| સરગવો | ૨૦૦ | ૨૮૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૮૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૬૫૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૧૮૫૦ |
| પાલક | ૩૨૦ | ૪૩૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૪૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૬૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૨ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૨૧ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૦૫ |
| તલ કાળા | ૩૦૦૫ | ૪૦૧૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૭૦ |
| કપાસ | ૧૪૨૫ | ૧૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૧ |
| બાજરો | ૫૦૦ | ૫૮૦ |
| જુવાર | ૭૧૧ | ૯૫૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૪ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૨૦૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૯૧ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૪૯ |
| મેથી | ૧૦૫૦ | ૧૧૩૦ |
| રાય/રાયડો | --- | ૧૦૩૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૫૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૩૦ | ૪૧૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૨૬ |
| તુવેર | ૧૨૪૦ | ૧૪૭૦ |
| ધાણા | ૧૮૦૦ | ૧૮૫૧ |
| મેથી | ૯૧૫ | ૧૦૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૯ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૨૭ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૪૨૯ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૦ |
| ધાણા | ૧૭૮૫ | ૨૦૨૦ |
| શીંગ દાણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તુવેર | ૧૦૩૫ | ૧૪૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગફળી | ૮૫૦ | ૧૦૬૫ |
| ધાણા | ૨૦૫૧ | ૨૦૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૩૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૩૦ | ૧૬૦૧ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૨૩૯ | ૧૩૫૧ |
| જીરૂ | ૩૧૫૬ | ૪૧૭૫ |
| ચણા | ૧૦૧૪ | ૧૦૩૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ધાણા | ૧૫૦૫ | ૨૧૫૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૪૩ |
| ચણા | ૮૫૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૭૦૧ | ૧૧૪૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૪૨૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૬૩૬ |
| જીરૂ | ૩૮૪૧ | ૩૮૪૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૪૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૦૦ | ૧૦૬૧ |
| બાજરી | ૩૧૦ | ૬૩૩ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૯૯ |
| મગ | ૭૦૦ | ૭૦૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ચણા | ૭૮૦ | ૧૦૩૪ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૭૧૩ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૯૯૭ |
| તુવેર | ૮૦૦ | ૧૪૯૪ |
| ધાણા | ૧૪૨૮ | ૧૮૫૦ |
| ડુંગળી લાલ | ૮૫ | ૨૧૨ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૬ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૨૬૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૪ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૧ |
| રાય | ૧૦૦૦ | ૧૨૩૨ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૪ |
| મેથી | ૯૫૦ | ૧૧૭૫ |
| જુવાર | ૬૮૦ | ૧૦૩૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૫૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૯૫ | ૧૫૭૦ |
| મગફળી | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ચણા | ૯૮૬ | ૧૦૧૮ |
| સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| તુવેર | ૧૪૫૦ | ૧૪૮૧ |
| ધાણા | ૧૫૦૧ | ૧૮૦૧ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૧૦ | ૧૪૭૮ |
| કપાસ સી ગ્રેડ | ૯૧૦ | ૯૧૦ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| બાજરો | ૩૦૦ | ૩૩૬ |
| ઘઉં ટુકડા | ૩૧૧ | ૫૫૬ |
| જુવાર | ૪૦૧ | ૧૦૪૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૫૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૮૮૯ | ૩૮૮૯ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૦૨ |
| રાય | ૧૦૨૬ | ૧૨૭૫ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૪૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૧ |
| અડદ | ૭૦૦ | ૧૦૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૧૨૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૪૩૫ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| મગફળી જાડી | ૯૭૫ | ૧૪૪૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૨૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૭૫ |
| રાઈ | ૧૦૫૦ | ૧૨૬૦ |
| લસણ | ૮૦૦ | ૧૬૦૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૧૦૦૦ | ૪૧૯૦ |
| અજમો | ૧૫૦૦ | ૪૦૫૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૧૬૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૦૯૫ |
| ધાણી | ૧૮૦૦ | ૨૪૪૫ |
| મરચા | ૧૪૦૦ | ૬૪૫૦ |
| ડુંગળી | ૪૦ | ૨૨૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૫ |
| વટાણા | ૭૦૦ | ૧૦૨૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૯૮૫ |
| રાજમા | ૮૫૫ | ૧૬૩૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ૨૮૮મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ યોજાયો

ચલાલા,તા.૧૨

ચલાલામાં અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૨૮૮મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, આયુષ નિયામકની કચેરી,ગાંધીનગરના ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં નિષ્ણાંત




ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો પ્રારંભ પ. પૂજ્ય સંત ડો.રતિદાદાના આશીર્વાદથી થયો હતો. આ કેમ્પ માટે સ્વ. હીના બિલીમોરિયાની યાદમાં, સ્વ.વસનજીભાઈ બિલીમોરિયા અને સ્વ.રમાબેન બિલીમોરિયા, સ્વ. પ્રભુભાઈ અને સ્વ. લક્ષ્મીબેન ટેલર હસ્તે નિર્મળાબેન બિલીમોરિયા યુ.કે.નો આર્થિક સહયોગ મળ્યો હતો. ૪૦ દર્દીઓને રણછોડદાસ બાપુ હોસ્પિટલમાં વિનામૂલ્યે નેત્રમણી બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. બોરીસાગરે પણ વિનામૂલ્યે સેવા આપી હતી. દંતયજ્ઞમાં ડૉ. ઈશાબેને વિનામૂલ્યે સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહિતના સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

# લાઠીના ભીંગરાડ-આસોદર-હરીપર માર્ગ પર રૂ. ૮૫ લાખના ખર્ચે પુલનું નિર્માણ થશે

લાઠી,તા.૧૨

લાઠીના ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી તાલુકાના ભીંગરા,આસોદર,હરીપર માર્ગ પર રૂ. ૮૫ લાખના ખર્ચે નવો પુલ મંજુર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી વર્ષો જૂની જનતાની માંગ પૂર્ણ થવા જઈ રહી છે અને આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે. આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે




વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા પુલના નિર્માણથી હવે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે આવનજાવન કરી શકશે. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ''ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ પુલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે. આગામી સમયમાં પણ લાઠી તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.'' આ પુલના નિર્માણથી ભીંગરાડ,આસોદર,હરીપર સહિત આસપાસના અનેક ગામોના ખેડૂતોને પોતાના ખેતઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે જ આરોગ્ય સેવા, શૈક્ષણિક સુવિધા અને વેપાર-ધંધામાં પણ નોંધપાત્ર સુધારો થશે.

# ઉના તાલુકાના કાણકબરડા ગામે મકાનમાં સાપ નિકળતા અફરાતફરી

ઉના,તા.૧૨

ઉનાના કાણકબરડા ગામે ગૌતમભાઈ સોલંકીના રહેણાંક મકાનમાં સાંજના સમયે સીમ વિસ્તારમાંથી એક છ ફૂટ લાંબો ઝેરી કોબ્રા સાપ રસોડામાં ઘૂસી જતાં પરિવારમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. સાપને જોઈને ગભરાયેલા પરિવારજનોએ તાત્કાલિક સાપ પર નજર રાખી ઉનાના જાણીતા સ્નેક કેચર અશોક ચૌહાણને જાણ કરી હતી. અશોક ચૌહાણે સમયસૂચકતા વાપરી અત્યંત કુશળતાપૂર્વક આ ઝેરી સાપનું



સફળ રેસ્ક્યુ કર્યું હતું. ત્યારબાદ આ કોબ્રાને માનવ વસ્તીથી દૂર સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો અને સ્નેક કેચરનો આભાર માન્યો હતો.

# કોડીનાર ખાતે મહિલાઓને અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ યોજના અંતર્ગત તાલીમનું વિશેષ આયોજન

કોડીનાર,તા.૧૨

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગીર સોમનાથના નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા કોડિનાર શહેરની મહિલાઓ માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ યોજના અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં બાગાયત



તસવીર : ધર્મેશ પાઠક

અધિકારી બી.એમ. બારડ દ્વારા મહિલાઓને શહેરી ખેતીના વિવિધ પાસાઓ જેવા કે કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન અને હાઈડ્રોપોનિક્સ ખેતી અંગે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાઓને ધરું ઉછેર અને માઈક્રોગ્રિન્સ જેવી આધુનિક પધ્ધતિઓથી માહિતગાર કરી રસાયણમુક્ત શાકભાજીના ઘરઆંગણે વાવેતર માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. અંતમાં તમામ મહિલા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

# ધોરાજીના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

ધોરાજી,તા.૧૨

ધોરાજી અને ઉપલેટા વચ્ચે આવેલ ટોલ પ્લાઝાની દાદાગીરી સામે કોમર્શિયલ વાહનોના માલિકોએ ગાંધીગીરી કરી વિરોધ નોંધાવ્યો હતો. તેમણે ધોરાજી પ્રાંત અધિકારીને ગુલાબ



આપી પોતાને પડતી મુશ્કેલીના મુદ્દે આવેદનપત્ર પાઠવ્યું હતું. ધોરાજી ટ્રક એસોસિએશન વતી રસિકભાઈ ચાવડા, એડવોકેટ દિનેશભાઈ વોરા અને રામભાઈએ આવેદનપત્રમાં જણાવેલ કે, આ ટોલ પ્લાઝાની મનમાની અને દાદાગીરીથી ઘણા વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે અને નાના મોટા વાહનોને ટોલ પ્લાઝાના કર્મીઓ દ્વારા કનડગત કરાતી હોય તેવી ફરિયાદ લોકમુખે જાણવા મળે છે. આથી તેમની મુશ્કેલીઓ દુર કરવા અને નિયમ મુજબ આ ટોલ અન્ય જગ્યાએ ખસેડવામાં આવે તેવી માગણી કરી હતી.

# ગીરગઢડાના નગડિયા ગામેથી ગેરકાયદેસર લઈ જવાતો લાકડાનો જથ્થો ઝડપાયો

**વન વિભાગે વાહન અને મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ તેજ કરી છે**

ઉના,તા.૧૨

ગીર ગઢડા તાલુકાના નગડિયા ગામેથી વન વિભાગે ગેરકાયદેસર રીતે લઈ જવાતો રક્ષિત ખેરના લાકડાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. જસાધાર રેન્જના RFO એલ. બી. ભરવાડને



તસવીર : કૈલાશ ભટ્ટ

મળેલી ચોક્કસ બાતમીના આધારે નવાબંદર રાઉન્ડ ફોરેસ્ટર જીતેન્દ્ર બામભણીયા અને તેમની ટીમે વોચ ગોઠવી હતી. આ તપાસ દરમિયાન GJ 11 VV 6220 નંબરની શંકાસ્પદ બોલેરો ગાડીને રોકી તલાશી લેતા તેમાંથી આશરે ૨૦૦૦ કિલો ખેરનું લાકડું મળી આવ્યું હતું. આ ગાડી નવાબંદર તરફ જઈ રહી હતી ત્યારે વન વિભાગે ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વન વિભાગના જણાવ્યા અનુસાર સાગ, ખેર, શીશમ, ચંદન અને મહુડો રક્ષિત શ્રેણીમાં આવતા હોવાથી તેનું કટીંગ કરવું ગંભીર ગુનો બને છે. હાલમાં વન વિભાગે વાહન અને મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ તેજ કરી છે.

# જૂનાગઢ રેન્જના નવા IGP આર.વી. ચુડાસમાએ સોમનાથ મહાદેવના આશીર્વાદ સાથે નવી જવાબદારીનો પ્રારંભ કર્યો

જૂનાગઢ,તા.૧૨

જૂનાગઢ રેન્જના નવનિયુક્ત આઈજીપી આર.વી. ચુડાસમાએ પવિત્ર યાત્રાધામ સોમનાથ મહાદેવના દર્શન અને પૂજા-અર્ચના કરી પોતાની નવી જવાબદારીનો વિધિવત પ્રારંભ કર્યો છે. સોમનાથ પહોંચતા પ્રથમ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે ગીર સોમનાથ એસ.પી. મનોહરસિંહ જાડેજા



અને પોલીસ કાફલા દ્વારા તેમને 'ગાર્ડ ઓફ ઓનર' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે મંદિરે જળાભિષેક કરી મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા, જ્યાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મીડિયા સાથેની વાતચીતમાં આઈજીપી ચુડાસમાએ જણાવ્યું હતું કે સોમનાથ સાથે તેમનો અતૂટ ભાવનાત્મક સંબંધ છે, કારણ કે તેઓ અહીં અગાઉ ડીવાયએસપી અને એસપી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે ગુનાહિત તત્વોને કડક ચેતવણી આપતા સ્પષ્ટ કર્યું હતું કે જૂનાગઢ રેન્જમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં.

# કોડીનારમાં મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે ઈ-રીક્ષા અપાઈ

કોડીનાર,તા.૧૨

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કોડીનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે નારી શક્તિના ઉત્થાન માટે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. અંબુજા ફાઉન્ડેશન અને સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત મહિલાઓ આત્મનિર્ભર બને તે હેતુથી ૧૦ બહેનોને ઈ-રિક્ષા અર્પણ કરવામાં આવી હતી. આ બહેનોને 'સેડી' સંસ્થા દ્વારા બે મહિનાની ખાસ ડ્રાઈવિંગ તાલીમ આપવામાં



આવી હતી. અંબુજા સિમેન્ટના સી.એમ.ઓ. સંજય વશિષ્ટના હસ્તે આ રિક્ષાઓનું લોકાર્પણ કરાયું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ અને વિદ્યાર્થિનીઓની મુસાફરી સુરક્ષિત બનાવવાનો છે. ૧૮,૦૦૦ થી વધુ સભ્યો ધરાવતી સોરઠ મહિલા મંડળી આજે આર્થિક અને સામાજિક બદલાવનું પ્રતીક બની છે. આ કાર્યક્રમમાં ૧૫૦૦ થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# અમરેલી જિલ્લામાં રમઝાન માસ અને ઈદ નિમિત્તે જાહેરનામું

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં પવિત્ર રમઝાન માસ અને ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાનાર ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સુરક્ષાના હેતુથી વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ ૨૨ માર્ચ સુધી કાર્યરત રહેશે. આ સમયગાળા દરમિયાન જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા કે સ્ફોટક પદાર્થો સાથે રાખવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. જાહેર શાંતિ જોખમાય તેવા ઉશ્કેરણીજનક ભાષણો, ચિત્રો કે દેખાવો કરવા પર પણ પ્રતિબંધ છે. વધુમાં, સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વગર સભા યોજવી, સરઘસ કાઢવા કે લાઉડ સ્પીકર વગાડવા સામે રોક લગાવવામાં આવી છે. જોકે, ફરજ પરના સરકારી કર્મચારીઓ અને સ્મશાન યાત્રા જેવી બાબતોને આ નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

# પીએમ મોદી આજે ખેડૂતોના ખાતામાં ૨૨મો હપ્તો નાખશે, અમરેલી જિલ્લામાં કાર્યક્રમો

અમરેલી,તા.૧૨

વડાપ્રધાન મોદી દ્વારા આગામી ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુવહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો જાહેર કરવામાં આવશે, જેને સમગ્ર દેશમાં ''પી. એમ. કિસાન ઉત્સવ દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ ખાસ પ્રસંગે અમરેલી જિલ્લાના અંદાજે ૧.૫૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં ૨,૦૦૦ રૂપિયાની સહાય સીધી જમા થશે. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ વિવિધ સ્થળોએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે, જેમાં સરંભડા ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમોમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખેડૂતોને મિલેટ પાક વિશે માર્ગદર્શન આપવા માટે વિશેષ પરિસંવાદ અને પ્રદર્શન પણ રાખવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા તમામ ખેડૂતોને આ જીવંત પ્રસારણ નિહાળવા અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૫/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. રસભર્યા અમાનુલ્લાહ અલીહુસૈનભાઈ
રહે. વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રસભર્યા અમાનુલ્લાહ અલીહુસૈનભાઈનો જન્મ તા.૧૭/૦૪/૧૯૬૦ ના રોજ મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# ધોરાજીના ઝાંઝમેર ગામે શિવ મંદિરનો જિર્ણોદ્ધાર અને ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ધોરાજી,તા.૧૨

ધોરાજી તાલુકાના ઝાંઝમેર ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા હાટકેશ્વર મહાદેવ મંદિરના જિર્ણોદ્ધાર અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૪થી ૧૬ માર્ચ સુધી યોજાશે. જેમાં શાસ્ત્રી જગદીશચંદ્ર વ્યાસ અને ભૂદેવો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠાન મહોત્સવની વિધિ કરવામાં આવશે. આ મહોત્સવમાં ગાયત્રી આશ્રમના મહંત શ્રી લાલબાપુ, પરબધામના મહંતશ્રી કરસનદાસ બાપુ અને સુપેડી મુરલી મનોહર મંદિરના મહંતશ્રી રવિદાસ બાપુ વિશેષ ઉપસ્થિત રહેશે. ૧૪-૩-૨૦૨૬ના રોજ ગણપતિ પૂજન મંડપ પ્રવેશ નગરયાત્રા અને શોભાયાત્રાના કાર્યક્રમો યોજાશે. રવિવારે લઘુરુદ્ર હોમ સહિત વૈદિક વિધિ યોજાશે. ૧૬-૩-૨૦૨૬ના નિજ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાન ધ્વજારોહણ શિખર અભિષેક અને યજ્ઞ કાર્ય કરાશે. રાત્રે કડવા પટેલ સેવા સમાજ ખાતે ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. જાણીતા કલાકારો દ્વારા લોક ડાયરા યોજાશે. આ મહોત્સવમાં રાજકીય-સામાજિક આગેવાનો સહિત શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.


-:: જાહેર નોટીસ ::-

-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, ગીરગઢડા//-

અરજી નં.44/2026
મરણ તારીખ : 24/07/1993

નરેન્દ્રભાઈ ધરમશીભાઈ વિઠલાણી,
રહે.ગીરગઢડા, ગામ-ગીરગઢડા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તા. ગીરગઢડા,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નરેન્દ્રભાઈ ધરમશીભાઈ વિઠલાણી, રહે.ગીરગઢડા, ગામ-ગીરગઢડા તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.ધરમશીભાઈ વિઠલદાસ વિઠલાણીનું મરણ તારીખ.24/07/1993ના રોજ ગીરગઢડા તાલુકાના ગ્રામ પંચાયત કચેરી સનવાવ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૬/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**



-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૬/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. હાફીઝ સાદીકઅલી અલીમોહમ્મદ
રહે. મહુવા તા.મહુવા જી.ભાવનગર

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી મહેજુબા સાદીકઅલી હાફિઝનો જન્મ તા.૨૮/૦૮/૧૯૯૦ ના રોજ મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.


આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ઈરાનમાં હવે કંઈ બચ્યું નથી, અમેરિકાએ તમામ લક્ષ્યો પૂર્ણ કર્યા છે: ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૧૨



મધ્ય પૂર્વમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના યુધ્ધના ૧૩મા દિવસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી હુમલાઓએ ઈરાની વાયુસેના અને સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યો છે અને હવે ત્યાં 'કંઈ બચ્યું નથી'. તેમણે ઉમેર્યું કે અમેરિકાએ તેના તમામ સૈન્ય લક્ષ્યો પૂર્ણ કરી લીધા છે અને જો તેઓ ઈચ્છે તો એક કલાકમાં ઈરાનનો સંપૂર્ણ સફાયો કરી શકે છે.

બીજી તરફ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને શાંતિ માટે ત્રણ શરતો રજૂ કરી છે: ઈરાનના અધિકારોની માન્યતા, વળતરની ચુકવણી અને ભવિષ્યના હુમલાઓ સામે આંતરરાષ્ટ્રીય ગેરંટી. દરમિયાન, ઈરાને ઓમાનના સલાલાહ બંદર પર ડ્રોન હુમલા કર્યા હોવાના અહેવાલ છે, જેનાથી ઓમાનના સુલતાને નારાજગી વ્યક્ત કરી છે. આ સંઘર્ષમાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા ખામેનીના નિધન બાદ તેમના પુત્ર મોજતબા ખામેનીને નવા સુપ્રીમ લીડર નિયુક્ત કરવામાં આવ્યા છે. જોકે, લેબનોનમાં ઈઝરાયેલી હુમલાઓ ચાલુ છે, જેમાં અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ નાગરિકોના મોત થયા હોવાનું કહેવાય છે.

# આંધ્રપ્રદેશમાં ભેળસેળયુક્ત દૂધને કારણે ૧૩ લોકોના મોત, ૭ની હાલત ગંભીર

રાજમહેન્દ્રવરમ, તા.૧૨



આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં ભેળસેળયુક્ત દૂધ પીવાને કારણે અત્યાર સુધીમાં ૧૩ લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૭ લોકો હજુ પણ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આ ઘટના રાજમહેન્દ્રવરમ નજીકના લાલચેરુવુ વિસ્તારમાં બની હતી, જ્યાં ૨૨ ફેબ્રુઆરીથી ઝેરી દૂધની અસર દેખાવવાની શરૂ થઈ હતી.

આરોગ્ય વિભાગની તપાસમાં બહાર આવ્યું છે કે અસરગ્રસ્તોના લોહીમાં યુરિયા અને સીરમ ક્રિએટિનાઈનનું સ્તર અત્યંત ઊંચું જોવા મળ્યું હતું, જે સીધું ઝેરી પદાર્થોના સેવન તરફ ઈશારો કરે છે.

આ દૂધ કોરુકોંડા મંડળની 'વરલક્ષ્મી ડેરી' માંથી ૧૦૬ પરિવારોને સપ્લાય કરવામાં આવતું હતું.

ઘટનાની ગંભીરતા જોતા પોલીસે ૩૩ વર્ષીય દૂધ વિક્રેતા અદલા ગણેશ્વર રાવની અટકાયત કરી છે અને ડેરીને સીલ કરી દેવામાં આવી છે. હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમરજન્સી મેડિકલ કેમ્પ કાર્યરત કરવામાં આવ્યા છે અને નિષ્ણાત તબીબોની ટીમ બાકીના દર્દીઓની સારવાર કરી રહી છે.

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : OBC ક્રીમી લેયરનો દરજ્જો આવકના આધારે નક્કી ન થઈ શકે

નવી દિલ્હી, તા.૧૨

અન્ય પછાત વર્ગો (OBC) માટેના ક્રીમી લેયરના માપદંડ અંગે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જસ્ટિસ પી. એસ. નરસિંહા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે, કોઈ ઉમેદવાર ક્રીમી લેયરમાં આવે છે કે નહીં, તેનો નિર્ણય માત્ર તેમના માતા-પિતાના પગાર કે આવકના આધારે કરી શકાય નહીં. કોર્ટે જણાવ્યું કે, ક્રીમી લેયર નક્કી કરતી વખતે આવકની સાથે માતા-પિતાના હોદ્દા અને દરજ્જાને પણ ધ્યાનમાં લેવો અનિવાર્ય છે. આ ચુકાદાથી UPSC ના એવા ઉમેદવારોને મોટી રાહત મળી છે, જેમને સિવિલ સર્વિસ પાસ કરવા છતાં માત્ર પગારના માપદંડને કારણે અનામતનો લાભ નકારી દેવામાં આવ્યો હતો.

કોર્ટે ૧૯૯૩ના સરકારી આદેશનો હવાલો આપતા કહ્યું કે, ગ્રુપ-એ કે ગ્રુપ-બી જેવા હોદ્દા જ પ્રાથમિક માપદંડ હોવા જોઈએ.

# ઈંધણની અછત ન સર્જાય તે માટે કેન્દ્ર સરકારે અમિત શાહના અધ્યક્ષપદ હેઠળ સમિતિ બનાવી

ન્યુ દિલ્હી,તા.૧૨



દેશમાં પેટ્રોલ, ડીઝલ અને રસોઈ ગેસની અછત ન સર્જાય તે માટે કેન્દ્ર સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષપદ હેઠળ એક વિશેષ સમિતિ બનાવવામાં આવી છે, જે દેશભરમાં ઈંધણના પુરવઠા પર સતત દેખરેખ રાખશે. આ શક્તિશાળી સમિતિમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુધ્ધ અને વૈશ્વિક તણાવને કારણે સામાન્ય જનતામાં પુરવઠો ખોરવાવાનો ભય પેદા થયો છે. આ ડરને લીધે દિલ્હી, મુંબઈ અને લખનૌ જેવા મોટા શહેરોમાં ગેસ એજન્સીઓ બહાર ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. લોકો ગભરાટમાં આવીને સમય પહેલા સિલિન્ડરનો સંગ્રહ કરી રહ્યા છે, જેના પરિણામે બજારમાં કૃત્રિમ અછત જેવી સ્થિતિ સર્જાઈ છે.

સરકારની આ નવી સમિતિ આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના પુરવઠાને સુનિશ્ચિત કરવા અને સ્થાનિક સ્તરે વિતરણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે કામ કરશે જેથી નાગરિકોને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

## ઝારખંડના પાકુરમાં ૧૫ વર્ષની સગીરા પર ૬ નરાધમો દ્વારા સામૂહિક બળાત્કાર

પાકુર તા.૧૨


ઝારખંડના પાકુર જિલ્લામાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. માલપહારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૫ વર્ષની એક સગીરા જ્યારે દુકાને સામાન ખરીદવા ગઈ હતી, ત્યારે છ શખ્સોએ તેને બળજબરીથી ટ્રકમાં બેસાડી અપહરણ કર્યું હતું. નરાધમોએ સગીરાને ત્રણ દિવસ સુધી બંધક બનાવી તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી મુખ્ય આરોપી દશરથ કિસ્કુ, સકલ ટુડુ અને પ્રધાન મરાંડીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ત્રણની શોધખોળ ચાલુ છે.

ગુનામાં વપરાયેલ ટ્રક પણ જપ્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ હિરણપુર વિસ્તારમાં પણ પ્રેમિકા પર બળાત્કાર અને હત્યાની આવી જ એક સનસનાટીભર્યા ઘટના બની હતી, જેમાં પોલીસે મુખ્ય આરોપી રાફેલ સોરેન સહિત બેની ધરપકડ કરી છે.

# આ વર્ષે 'સુપર અલ નિનો'નું સૌથી મોટું જોખમ: ભીષણ ગરમી અને કમોસમી વરસાદની સંભાવના

નવી દિલ્હી, તા.૧૨



ઉત્તર ભારત સહિત દેશના અનેક ભાગોમાં અત્યારથી જ ગરમીનો પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જે આવનારા ભયંકર ઉનાળાનો સંકેત છે. વિશ્વ હવામાન સંગઠન (WMO) એ આગાહી કરી છે કે આ વર્ષના અંત સુધીમાં પ્રશાંત મહાસાગરમાં 'સુપર અલ નિનો' વિકસિત થવાની ૬૦ ટકા શક્યતા છે, જે વૈશ્વિક હવામાન ચક્રને ખોરવી શકે છે. રાજસ્થાન અને વિદર્ભ જેવા વિસ્તારોમાં અત્યારથી જ 'લૂ' ફૂંકાવાની શરૂઆત થઈ ગઈ છે. અલ નિનો એ એવી ભૌગોલિક ઘટના છે જેમાં પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સરેરાશ કરતા ૨ ડિગ્રી વધી જાય છે. ભારત માટે આ ચિંતાનો વિષય છે, કારણ કે ભૂતકાળમાં જ્યારે પણ પ્રચંડ અલ નિનોની અસર જોવા મળી છે, ત્યારે ચોમાસું નબળું રહ્યું છે અને ખેતી પર માઠી અસર પડી છે. વૈજ્ઞાનિકોના મતે, આ ઘટનાને કારણે ઉષ્ણકટિબંધીય દેશોમાં વરસાદની અછત, ચક્રવાતોની સંખ્યામાં વધારો અને વૈશ્વિક તાપમાનમાં વિક્રમી ઉછાળો જોવા મળી શકે છે.

# પીએમ મોદીએ મંત્રીઓને આંતરિક પરિસ્થિતિ પર સતર્ક રહેવા અને અફવાઓ રોકવા તાકીદ કરી

નવી દિલ્હી, તા.૧૨



ઈરાનમાં ચાલી રહેલા યુધ્ધને કારણે ઉભી થયેલી વૈશ્વિક ઉર્જા કટોકટી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીમંડળ સાથે મહત્વની બેઠક યોજી હતી. પીએમ મોદીએ મંત્રીઓને દેશની અંદરની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવા અને ખાસ કરીને સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવતા ખોટા પ્રચાર અને ગભરાટને રોકવા માટે આક્રમક રીતે સક્રિય રહેવા જણાવ્યું છે. વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અન્ય દેશોની સરખામણીએ ભારતની તૈયારીઓ વધુ મજબૂત છે. તેમણે મંત્રીઓને અફવાઓનો જવાબ આત્મવિશ્વાસ સાથે આપવા અને જનતા સુધી સાચી માહિતી પહોંચાડવા નિર્દેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, દેશના કેટલાક ભાગોમાં એલપીજીની અછતને કારણે હોટલ ઉદ્યોગ પર અસર પડી છે, પીએમ મોદીએ તમિલનાડુની રેલીમાં જનતાને આ કટોકટીના ઝડપી ઉકેલની ખાતરી આપી હતી. ભારત માટે એક મોટી રાજદ્વારી સફળતા એ રહી છે કે વિદેશ મંત્રી એસ. જયશંકરની મધ્યસ્થી બાદ તેલ પુરવઠો જળવાઈ રહેશે.

## લોકશાહીમાં મજબૂત વિપક્ષ અનિવાર્ય, નિયમોથી ઉપર કોઈ નથી: સ્પીકર ઓમ બિરલા

નવી દિલ્હી, તા.૧૨



લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અવિશ્વાસ પ્રસ્તાવ પરની ચર્ચા બાદ ગૃહમાં મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે લોકશાહીમાં મજબૂત વિપક્ષની ભૂમિકા અત્યંત જરૂરી છે અને વિપક્ષના નેતાને ક્યારેય બોલતા રોકવામાં આવ્યા નથી. સ્પીકરે ભારપૂર્વક જણાવ્યું કે સંસદના નિયમો સર્વોચ્ચ છે અને વડાપ્રધાન સહિતના તમામ સભ્યોએ તેનું પાલન કરવું અનિવાર્ય છે.

માઈક્રોફોન બંધ કરવાના આરોપોને નકારી કાઢતા તેમણે કહ્યું કે અધ્યક્ષ પાસે આવું કોઈ બટન હોતું નથી. તેમણે ગૃહની ગરિમા જાળવવા અને નિયમોની મર્યાદામાં રહીને રજૂઆત કરવા તમામ સભ્યોને અપીલ કરી હતી.

## યુપી, બિહાર સહિત દેશના ૧૨ રાજ્યોમાં વરસાદની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં હવામાનના બે અલગ-અલગ મિજાજ જોવા મળી રહ્યા છે. એક તરફ તાપમાનનો પારો સતત વધી રહ્યો છે, તો બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૪ માર્ચથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં સક્રિય થનારા નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ અને હરિયાણા સહિત ૧૨ રાજ્યોમાં વરસાદ પડી શકે છે. જ્યારે પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને કરા પડવાની સંભાવના છે, ત્યારે ગુજરાત માટે ચિંતાજનક સમાચાર છે. આગામી ૧૩ અને ૧૪ માર્ચ દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. દિલ્હીમાં પણ તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચવાની ધારણા છે. ખેડૂતોને આ બદલાતા હવામાન અને વાવાઝોડા સામે સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

## શેરબજારમાં કડાકો : સેન્સેક્સ ૮૨૯ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૩,૭૦૦ની નીચે ગગડ્યો

મુંબઈ, તા.૧૨



પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની નજીક પહોંચતા ભારતીય શેરબજારમાં આજે મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૮૨૯.૨૯ પોઈન્ટ ઘટીને ૭૬,૦૩૪.૪૨ પર બંધ થયો, જ્યારે એનએસઈ નિફ્ટી ૨૨૭.૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૬૩૯.૧૫ પર સ્થિર થયો હતો. બજારમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ અને બજાજ ફાઈનાન્સ જેવા શેરોમાં ૪ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ, ડોલર સામે રૂપિયો ૧૬ પૈસા ગગડીને ૯૨.૧૭ની સપાટીએ પહોંચ્યો છે. વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણ અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલીને કારણે રોકાણકારોની સંપત્તિમાં મોટું ધોવાણ થયું છે.

# મોંઘવારીનો ફટકો: ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા થયો, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઉછાળો

ન્યુ દિલ્હી,તા.૧૨



રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના સરકારી આંકડા મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬માં ભારતનો છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા નોંધાયો છે. જાન્યુઆરી ૨૦૨૬માં આ દર ૨.૭૫ ટકા હતો. મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, તૈયાર કપડાં, રહેઠાણ અને જાહેર ઉપયોગિતા સેવાઓના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં આ ઉછાળો જોવા મળ્યો છે. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આધારિત ફુગાવો છેલ્લા સાત મહિનામાંથી છ મહિના સુધી ભારતીય રિઝર્વ બેંકના (RBI) ૨-૬ ટકાના નિર્ધારિત લક્ષ્યાંકની અંદર રહ્યો છે. જોકે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે તેલ, ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર દબાણ વધ્યું છે. આ ભૌગોલિક-રાજકીય તણાવને જોતા આર્થિક નિષ્ણાતોનું અનુમાન છે કે રિઝર્વ બેંક એપ્રિલમાં યોજાનારી આગામી નાણાકીય નીતિની બેઠકમાં રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરે. નોંધનીય છે કે જૂન ૨૦૨૫થી ખાદ્ય ફુગાવો નકારાત્મક રહ્યો હતો, જેના કારણે ઓક્ટોબર ૨૦૨૫માં ફુગાવો ૦.૨૫ ટકાના ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચી ગયો હતો. પરંતુ હવે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ ફરી વધતા છૂટક ફુગાવા પર તેની સીધી અસર દેખાઈ રહી છે.

# પુરવઠાની કટોકટીને લઈ દેશભરમાં ગેસ સિલિન્ડરની અછત, કાળાબજારીઓ મેદાને

ન્યુ દિલ્હી, તા.૧૨



અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા જતા યુધ્ધના તણાવને કારણે ભારતભરમાં એલપીજી (LPG)ના પુરવઠા પર માઠી અસર પડી છે. આ આંતરરાષ્ટ્રીય કટોકટીના પગલે દેશભરમાં ગેસ સિલિન્ડરની અછત સર્જાઈ છે જેના કારણે એજન્સીઓ પર ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને કાળાબજારિયાઓ સક્રિય થયા છે. બિહારમાં ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ આસમાને પહોંચ્યા છે અને લોકો પાસેથી રૂ.૧૮૦૦ જેવી માતબર રકમ વસૂલવામાં આવી રહી છે. મધ્યપ્રદેશમાં સ્થિતિ વધુ ગંભીર છે જ્યાં રૂ.૧,૯૧૮ની કિંમતનું કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં રૂ.૪,૦૦૦ સુધી વેચાઈ રહ્યું હોવાનો ખુલાસો થયો છે. ખાસ કરીને ભોપાલના બરખેડા પઠાણી વિસ્તારમાં ગેસ એજન્સીના સંચાલકો અને દલાલોની મિલીભગતથી ખુલ્લેઆમ લૂંટ ચાલી રહી છે. પુરવઠો ખોરવાતા હોટલ અને રેસ્ટોરન્ટના સંચાલકો હવે મજબૂરીમાં ઈન્ડક્શન પર રસોઈ બનાવી રહ્યા છે. જોકે સરકારે કાળાબજાર રોકવા માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ કર્યો છે, તેમ છતાં ગેરકાયદેસર રિફિલિંગ અને સંગ્રહખોરી બેરોકટોક ચાલુ છે.

# ગિરનાર અંબાજી મંદિરમાં દારૂ-ચિકન પાર્ટીનો વીડિયો વાયરલ થતા ૧૧ કર્મચારીઓ સસ્પેન્ડ

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢમાં આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ ગિરનાર પર્વત પર સ્થિત મા અંબાજી મંદિરના પવિત્ર પરિસરમાં દારૂ અને ચિકનની પાર્ટીનો વીડિયો વાયરલ થતાં ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્રે તાત્કાલિક પગલાં ભરતા પૂજારીઓ સહિત કુલ ૧૧ કર્મચારીઓને સેવામાંથી સસ્પેન્ડ કરી દીધા છે. આ પવિત્ર શક્તિપીઠના ભંડારામાં આવી અશોભનીય પ્રવૃત્તિ થતા લાખો ભક્તોની ધાર્મિક લાગણી દુભાઈ છે. મંદિરના મહંત તનસુખગીરીના બ્રહ્મલીન થયા બાદ હાલ આ મંદિરનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક છે. જૂનાગઢ મામલતદાર, જેઓ વહીવટદાર તરીકે કાર્યરત છે, તેમણે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. પ્રાથમિક



તપાસમાં સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે આરોપીઓની ઓળખ કરવામાં આવી હતી. ગુજરાતમાં દારૂબંધીના કાયદાના સરેઆમ ઉલ્લંઘન બદલ આ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. મંદિરની દૈનિક પૂજા-વિધિમાં કોઈ અડચણ ન આવે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે નવા બે પૂજારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે. તંત્ર હવે આ ઘટનામાં સંડોવાયેલા અન્ય લોકોની પણ તપાસ કરી રહ્યું છે.

# રાજ્યમાં ગરમીએ હાહાકાર મચાવ્યો : અમદાવાદ-ગાંધીનગરમાં તાપમાન સામાન્ય કરતાં ૭ ડિગ્રી વધ્યું

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતમાં જ અંગ દઝાડતી ગરમીએ લોકોને ત્રાહિમામ પોકારાવી દીધા છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, રાજ્યમાં ૧૧થી ૧૩ માર્ચ સુધી હીટવેવથી સીવિયર હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તીવ્ર હીટવેવની શક્યતાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને કચ્છ સહિતના અન્ય જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' આપવામાં આવ્યું છે. માર્ચ મહિનામાં જ તાપમાન સામાન્ય કરતાં



૫ થી ૭ ડિગ્રી વધુ નોંધાતા છેલ્લા ૧૦૦ વર્ષના કેટલાક રેકોર્ડ તૂટી ગયા છે. રાજ્યના મુખ્ય શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે, જેમાં વલ્લભ વિદ્યાનગર ૪૨.૩°સે સાથે સૌથી ગરમ રહ્યું છે. અમદાવાદમાં ૪૧.૪°સે અને રાજકોટમાં ૪૨.૦° સે તાપમાન નોંધાયું છે. બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે અને લોકો હીટ સ્ટ્રોકથી બચવા બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આગામી બે-ત્રણ દિવસ બાદ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે, પરંતુ એપ્રિલ-મે મહિનામાં ગરમી વધુ આકરી રહેવાની આગાહીથી લોકોમાં ચિંતા વ્યાપી છે.

# મહેસાણામાં ૧૫ વર્ષની સગીરા પર દુષ્કર્મ, ૧૦૮ એમ્બ્યુલન્સમાં બાળકને જન્મ આપ્યો

મહેસાણા, તા.૧૨

મહેસાણા જિલ્લાના લાઘણજ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. માત્ર ૧૫ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ગામના જ જીગરજી ઉર્ફે જીગો ઠાકોર નામના શખ્સે અવારનવાર હવસનો શિકાર બનાવી હતી. આ જઘન્ય કૃત્યના પરિણામે સગીરા ગર્ભવતી બની હતી અને ગત રોજ અચાનક પ્રસૂતિની પીડા ઉપડતા તેણે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ બાળકને જન્મ આપ્યો હતો. હાલ માતા અને બાળક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સગીરાની માતા મજૂરી કામે જતી હતી ત્યારે આરોપીએ તેની એકલતાનો લાભ ઉઠાવ્યો હતો. લાઘણજ પોલીસે પીડિતાની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ બીએનએસ અને પોક્સો એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. રાજ્યમાં સગીરાઓ પર વધતા અત્યાચારના કિસ્સાઓએ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# રાજ્યમાં LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ : અફવાઓથી દૂર રહેવા નાગરિક પુરવઠા વિભાગે કરી અપીલ

અમદાવાદ, તા.૧૨

મધ્ય પૂર્વમાં પ્રવર્તતા ભૂ-રાજકીય તણાવ વચ્ચે ગુજરાતમાં એલપીજી સિલિન્ડરના પુરવઠા અંગે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા મહત્વની સ્પષ્ટતા કરવામાં આવી છે. વિભાગની યાદી મુજબ, રાજ્યમાં ઘરેલું જરૂરિયાત માટે ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૩૦ ટકા ઘરોમાં પાઈપલાઈન મારફતે ગેસ પહોંચાડવામાં આવતો હોવાથી રાજ્યની સ્થિતિ અન્ય રાજ્યો





કરતા વધુ સુરક્ષિત અને સારી છે. તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકાર અને ઓઈલ કંપનીઓએ બે સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય લીધો છે, જેથી બિનજરૂરી સંગ્રહખોરી અટકાવી શકાય. હાલ કોમર્શિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરાયું છે, પરંતુ હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પુરવઠો ચાલુ રખાશે. સરકારે ચેતવણી આપી છે કે ગેસનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી અથવા નિયત કિંમત કરતા વધુ ભાવ વસૂલવો એ કાયદેસરનો ગુનો છે. આવી પ્રવૃત્તિ કરનારાઓ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ કડક ફોજદારી પગલાં લેવામાં આવશે.

# છૂટાછેડાના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય : વિદેશથી ભારત આવવાની જરૂર નથી


અમદાવાદ, તા.૧૨

ન્યાયિક પ્રક્રિયામાં ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપતા ગુજરાત હાઈકોર્ટે એક સીમાચિહ્નરૂપ આદેશ આપ્યો છે. પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા ઈચ્છતા અને અમેરિકામાં સ્થાયી થયેલા પતિને હાઈકોર્ટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સમાધાનની પ્રક્રિયામાં જોડાવવાની મંજૂરી આપી છે. અગાઉ અમદાવાદ ફેમિલી કોર્ટે આ વિનંતી નકારી કાઢી હતી, જેને હાઈકોર્ટે 'ન્યાયનું મિસકેરેજ' ગણાવી રદ કરી છે. હાઈકોર્ટે અવલોકન કર્યું કે આજના ડિજિટલ યુગમાં વીડિયો કોન્ફરન્સિંગ એ એક કાર્યક્ષમ અને ખર્ચ-અસરકારક વિકલ્પ છે. માત્ર પ્રક્રિયામાં ભાગ લેવા માટે પક્ષકારને વિદેશથી ભારત આવવા મજબૂર કરવો ગેરવાજબી છે. ૨૦૨૪માં લગ્ન બાદ ટૂંક સમયમાં અલગ થયેલા આ દંપતીના કેસમાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે ટેક્નોલોજીના માધ્યમથી ન્યાયિક કાર્યવાહીને વધુ સુલભ અને ઝડપી બનાવી શકાય છે. આ નિર્ણયથી વિદેશ વસતા અસંખ્ય ભારતીયોને કાનૂની કાર્યવાહીમાં મોટી રાહત મળશે.

# તાપીમાં ગમખ્વાર અકસ્માત : બોર્ડની પરીક્ષા આપી પરત ફરતા ત્રણ વિદ્યાર્થીઓના કરૂણ મોત

તાપી, તા.૧૨

ગુજરાતમાં બોર્ડની પરીક્ષાઓ વચ્ચે તાપી જિલ્લામાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. ઉચ્છલ-નિઝર હાઈવે પર નિઝરની સીમમાં બે મોટરસાઈકલ સામસામે અથડાતા ધોરણ ૧૨ના ત્રણ વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. આ અકસ્માત એટલો ભયંકર હતો કે ટક્કર બાદ બાઈકમાં અચાનક આગ ફાટી નીકળી હતી. મૃતક વિદ્યાર્થીઓમાં પિયુષ રાજુ વળવી, અનિકેત વસાવે અને અભિજીત વસાવેનો સમાવેશ થાય છે,



જેઓ કુકરમુંડા તાલુકાના ગંગથા અને બોરીકુવા ગામના રહેવાસી હતા. મળતી માહિતી મુજબ, આ વિદ્યાર્થીઓ પરીક્ષા આપીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે કાળ આંબી ગયો હતો. અકસ્માતમાં અન્ય એક વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા જ નિઝર પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અને પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગુજરાત સરકારના કર્મચારીઓ માટે મેડિકલ બિલના નવા નિયમો જાહેર : પરિપત્ર બહાર પાડ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સ્થિત રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના તબીબી સારવાર ખર્ચ (મેડિકલ રીએમ્બર્સમેન્ટ) માટે 'કુટુંબ'ની નવી વ્યાખ્યા નક્કી કરતો મહત્વનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ હવેથી કર્મચારી પોતે અને તેમના પર સંપૂર્ણ નિર્ભર



હોય તેવા સભ્યોના જ મેડિકલ બિલ મંજૂર કરવામાં આવશે. આ વ્યાખ્યામાં કર્મચારી સાથે રહેતા પત્ની કે પતિ, સાવકા કે દત્તક લીધેલા સંતાનો, માતા-પિતા, બહેનો અને સગીર ભાઈઓનો સમાવેશ થાય છે. મહત્વની બાબત એ છે કે, જો કોઈ અધિકારીને બીજી પત્ની હોય, તો તેનો સમાવેશ કુટુંબની વ્યાખ્યામાં કરવામાં આવશે નહીં. વધુમાં, જે સભ્યોની તમામ સ્ત્રોતોમાંથી થતી માસિક આવક પેન્શન સહિત ૫૦૦ રૂપિયાથી વધુ ન હોય, તેમને જ 'સંપૂર્ણ આશ્રિત' ગણવામાં આવશે. ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ હેઠળ કરવામાં આવેલા આ સુધારાનો હેતુ મેડિકલ બિલના અર્થઘટન અંગે ઊભા થતા પ્રશ્નોનું નિવારણ લાવવાનો છે.

# રાજકોટમાં પોંઝી સ્કીમનું કૌભાંડ : 'રુદ્રા ટ્રેડિંગ' દ્વારા ૩૦૦થી વધુ લોકો સાથે કરોડોની ઠગાઈ

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં 'રુદ્રા ટ્રેડિંગ' નામની પોંઝી સ્કીમ હેઠળ રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આરોપીઓએ દર મહિને ૫ ટકા જેટલા ઊંચા વળતરની લાલચ આપી ૩૦૦થી વધુ લોકો પાસેથી અંદાજે ૭૦ થી ૮૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. શરૂઆતમાં વળતર આપી વિશ્વાસ જીત્યા



બાદ સંચાલકો અચાનક નાણાં લઈને ફરાર થઈ ગયા છે. ભોગ બનનારાઓએ રાજકોટ પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાન્ચમાં ન્યાય માટે રજૂઆત કરી છે. પોલીસે હાલ આ મામલે તપાસ તેજ કરી છે અને ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દાંતાના ધરેડા ગામે જૂની અદાવતમાં પિતાની હત્યા, બે પુત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

બનાસકાંઠા, તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ધરેડા ગામે જૂની અદાવતને લીધે થયેલા જીવલેણ હુમલામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે, જ્યારે તેમના બે પુત્રો ગંભીર રીતે ઘાયલ થયા છે. અંદાજે દોઢ વર્ષ પહેલા થયેલા એક મોતના કેસમાં સામો પક્ષ નિર્દોષ છૂટતા, આરોપીઓએ રાત્રિના સમયે તેમના ઘરે જઈ છરી અને અન્ય હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હિંસક ઘટનામાં પિતા ભીમાભાઈનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે ઈજાગ્રસ્ત પુત્રોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. દાંતા પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે. ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ એલસીબી અને એસઓજીની ટીમોએ કાર્યવાહી કરીને બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ફરાર અન્ય ચાર શખ્સોને પકડવા માટે સઘન શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરોને છેતરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરોને ''ટ્રેનમાં રોકડ રાખવી પ્રતિબંધિત છે'' તેમ કહી ઠગાઈ કરતી આંતરરાજ્ય ગેંગનો રેલવે પ્રોટેક્શન ફોર્સે પર્દાફાશ કર્યો છે. આ ગેંગ ખાસ કરીને પરપ્રાંતિય મજૂર વર્ગના મુસાફરોને નિશાન બનાવી, રોકડ રકમને સ્માર્ટ કાર્ડમાં જમા કરાવવાના બહાને નાણાં અને મોબાઈલ પડાવી લેતી



હતી. આરોપીઓ મુસાફરોને નકલી કૂપન નોટો આપી વિશ્વાસમાં લેતા અને ત્યારબાદ ફરાર થઈ જતા હતા. સીસીટીવી ફૂટેજના આધારે આરપીએફે પરેશ પટેલ અને કાઉડા નામના બે શખ્સોની ધરપકડ કરી છે, જેઓ દિલ્હી, જયપુર અને હૈદરાબાદ જેવા મોટા સ્ટેશનો પર પણ સક્રિય હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૧.૦૩ લાખની રોકડ, ૪ મોબાઈલ અને નકલી નોટો જપ્ત કરી આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપ્યા છે.







